ઈમીગ્રેશન બીલ

'યુનીઅન ગેઝેટ'માં બહાર પડયું. લાંબી મુદત સુધી જે લડત ચાલી હતી તેનું સમાધાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો; પણ આ નવા કાયદાથી એ હેતુ ખુલ્લી રીતે પાર ન પડયો. છોકરાઓના હક સાચવવાની કલમ રહેવા દઇ ખુની કાયદો રદ કરવામાં આવ્યો પરંતુ નવા કાયદામાં જાતી ભેદ દુર કરવામાં ન આવ્યો એટલુંજ નહિ, પણ યુનીઅન બીલ થવાથી જાતી ભેદ ઉલટો વધ્યો. ટ્રાંસવાલના હીંદીઓના હક ખુંચવાઇ જતા હતા; તેમજ બીજા પ્રાંતોના હકો પણ ખુંચવી લેવામાં આવ્યા. આ સામે હીંદીઓએ એકત્ર થઇ પોકારો ઉઠાવ્યા. સરકાર સાથે ફરીથી લખાણો શરૂ થયાં અને આગેવાનોએ એવી સુચના કરી કે માત્ર ટ્રાંસવાલનેજ લાગુ પડે એવું બીલ ઘડવું પણ એ સુચના સ્વીકારવામાં ન આવી. આખરે એ બીલ પારલામેંટમાં પાસ ન થઇ શકયું. અને પ્રોવીઝનલ સેટલમેંટની ગોઠવણ થઇ તે મુજબ લડતને મુલતવી રાખવાનું ઠરયું અને સરકારે ૧૯૧૨ ની પારલામેંટમાં બીજું બીલ દાખલ કરવાનું વચન આપ્યું. આ વચન પ્રમાણે ૧૯૧૨ માં એક બીલ દાખલ કરવામાં આવ્યું. તેની સ્થિતિ પણ આગલા વરષના બીલ જેવીજ થઇ. અને પ્રોવીઝનલ સેટલમેંટની મુદત એક વરસની વધારી લડતને ફરી મુલતવી રાખવામાં આવી.

દક્ષીણ આફ્રીકામાં મી. ગોખલે

આ વખતે માનવંતા મી. ગોખલે આ દેશમાં હીંદીઓનાં દુઃખો પોતાની નજરે જોવા આવ્યા. તેમની યાદગાર મુલાકાત હજી આપણા સરવના મગજમાં તાજીજ છે. યુનીઅન સરકાર સાથે હીંદી સવાલ ઉપર તેમણે મસલત ચલાવી તેમના રાજદ્વારી બુધ્ધી ચાતુરય અને મધ્યમતા માટે સામો પક્ષ પણ તેમનાં વખાણ કરતો હતો. આ મુલાકાત વખતેજ યુનીઅન સરકારે પા. ૩ નો કર રદ કરવાનું તેમને વચન આપ્યું હતું અને તે સમાચાર તેમણે જાહેર રીતે પોતાના સ્વદેશી બંધુઓને પણ જણાવ્યા કે હીંદી સરકારે ગીરમીટ હવે બંધ કરી છે એટલે

પા. ૩ નો કર

રદ કરવાનું યુનીઅને વચન આપ્યું છે. ૧૯૧૩ માં પારલામેંટમાં દાખલ કરવા એક બીલ બહાર પાડવામાં આવ્યું. આ બીલથી પણ હીંદી આગેવાનોને સંતોષ થયો નહતો. કાયદામાં રંગ ભેદ રહી જતો હતો તેમજ જસ્ટીસ સરલના ચુકાદાથી બધાં હીંદી લગ્નો ગેર કાયદેસર ઠરતાં હતાં. સરકારને દરશાવવામાં આવ્યું કે જો તે શાંતિજ ઇચ્છતી હોય તો કાયદામાંથી જાતિભેદ દુર કરવો જોઈએ અને એક ઓરતી હીંદી લગ્ન કાયદેસર ઠરાવવાં જોઇએ. આ પ્રમાણે બીલ પાસ કરવામાં આવે તોપણ જ્યાં સુધી પા. ૩ નો કર રદ ન કરવામાં આવે ત્યાં સુધી સત્યાગ્રહીઓને સંતોષ થાય એમ નહતું. લડાઈ ફરીથી શરૂ ન કરવી પડે તેટલા ખાતર હીંદી આગેવાનોએ સરકારની સાથે ફરી પાછાં લખાણો શરૂ કરયાં. અને બીજા વરસની પારલામેંટમાં હીંદીને સંતોષ થાય એવું બીલ દાખલ કરવાની માગણી સરકાર પાસેથી કરવામાં આવી. આ સમયે જોહાનીસબરગમાં ગોરાઓએ હડતાલ પાડી હતી. મી. ગાંધીએ તેવે સમયે હીંદી સવાલની બાબતમાં સરકારને તકલીફ આપવાનું મોકુફ રાખ્યું. દરમીઆન એક પ્રતિનિધિ મંડળ વિલાયત મોકલવામાં આવ્યું. તેણે હીંદીઓની સરવ વાજબી માગણીઓની બ્રીટીશ પ્રજા આગળ રજુઆત કરી. આ પ્રતિનિધિ મંડળ ખાસ મી. ગોખલેની માગણીથી ત્યાં ગયું હતું. મી. ગોખલે તે વખતે વિલાયતમાં હતા. ત્યાં કરેલી બધી મહેનતો પણ ફોકટ ગઇ. યુનીઅન સરકારે પોતાનો દુરાગ્રહ છોડયો નહિ, એટલે સરકારને

છેલ્લી ચેતવણી

મોકલી દેવામાં આવી કે જો એક ઓરતી હીંદી લગ્નોને કાયદેસર ન ઠરાવવામાં આવે, ફ્રી સ્ટેટ સંબંધી કાયદામાંથી જાતિભેદ દુર ન કરવામાં આવે, દ. આફ્રીકામાં જન્મેલા હીંદીઓના કેપમાં દાખલ થવાના હકો જાળવવામાં ન આવે, પા. ૩ નો કર રદ કરવામાં ન આવે, અને કાયદાઓનો અમલ નરમાશથી અને ન્યાયથી કરવામાં ન આવે તો સત્યાગ્રહની લડત તરતજ શરૂ કરવામાં આવશે. આ ચેતવણીની દરકાર કરવામાં આવી નહિ અને લડત અગાઉના કરતાં બહોળા વિસ્તારથી ફરીથી ૧૯૧૩ ના સપ્ટેમ્બરમાં શરૂ થઈ.

છેલ્લી લડત

આ ત્રીજી અને છેલ્લી લડતમાં બનેલા બનાવો હજી લોકોનાં મનમાં તાજાજ છે એટલે તેની સંપુરણ વિગત અત્રે બતાવવાની જરૂર નથી, તો પણ થોડી હકીકત અત્રે જણાવવી જોઇએ. સરકારની ઉશ્કેરણીથી સુપ્રીમ કોરટે જે ચુકાદો લગ્નના સંબધમાં આપ્યો હતો તેથી હીંદી સ્ત્રીઓમાં ભારેજ ખળભળાટ થયો અને તેઓ પણ લડતમાં સામેલ થવા તઇયાર થઇ. બીજી તરફથી નાતાલમાં બધી જગ્યાએથી ગીરમીટીયા ઉઠયા, અને તેમણે મહાન હડતાલ પાડી. તેઓની હજારો સંખ્યા ટ્રાંસવાલ જવા ઉપડી. તેમને પકડી ખાણોમાં પાછા કામે મોકલવાને સખત અને ગેરકાયદેસર પગલાં લેવાયાં, ખાણોને જેલ તરીકે જાહેર કરવામાં આવી, ને આ ગરીબડા મજુરોને છુંદી મારવાને ત્રાસદાયક બનાવો બનવા લાગ્યા. મુખ્ય આગેવાનોને પકડી પકડી જેલમાં પુર્યા. સેંકડો અને પાછળથી હજારો હીંદીઓ જેલમાં પુરાયા આ વખતની

જેલોનો વૃતાંત

એટલો મોટો છે કે તે ઇતિહાસનાં કેટલાંએક પ્રકરણ રોકે તેમ છે. જબરજસ્તીથી કઢાવાએલા શીતળા, ઘીને માટે લેવાએલી લડત, ડરબન જેલમાં ઉપરા ઉપરી થયેલા અપવાસો અને મરહુમ હરબતસીંહનું જેલમાં થએલું મરણ—આ બધા બનાવોથી આજથી બાર માસ ઉપરના યાદગાર દિવસો મીશ્રીત લાગણીઓ સાથે સત્યાગ્રહીની નજર આગળ ખડા થાય છે. નાતાલની બધી જેલો તો એટલી ખીચોખીચ ભરાઇ ગઇ કે મારીત્સબરગ ખાતેની જેલની અંદરના ચરચનો તથા ડરબન ખાતે વિશાળ શો ગ્રાઉંડ એટલેકે મેળાની જગ્યાનો ઉપયોગ સેંકડો સત્યાગ્રહી કેદીઓને બંધ રાખવા માટે કરવો પડયો. જેઓ જેલની બહાર હતા તેઓએ ડરબન, જોહાન્સબર્ગ, મારીત્સબરગ અને યુનીઅનના બીજા અનેક ભાગોમાં અસંખ્ય સભાઓ ભરી, અને બીજી ઘણી રીતે મદદ કરી હતી.

હીંદુસ્તાન ગાજયું

આ લડતના વખતે હીંદુસ્થાનમાં તો હદ વળી. તે મહાન દેશભકત નર ગોખલેએ આપણું દુખ પોતાનું કરી લીધું. પાટનગરો મુંબઇ કલકતા અને મદ્રાસમાં તેમજ ગામે ગામ સભાઓ મળી. ચકલે ચકલે સત્યાગ્રહની વાતો ચાલી. છાપાઓ આપણી લડતના હેવાલથી ભરાયા. મોટાં ઉઘરાણાં શરૂ થયાં અને તેમાં તવંગર અને ગરીબ, પુરૂષ સ્ત્રી અને છોકરાઓએ પઇસા ભર્યાં. હરદ્વાર ગુરૂકુલ આદી નિશાળના નિશાળીઆઓએ વ્રત ને મજુરી કરી પઇસા બચાવ્યા ને તે સત્યાગ્રહીઓની મદદના ફાળામાં મોકલ્યા. અંતમાં મદ્રાસ ખાતેના ભાષણમાં હીંદી વાઇસિરોય લોરડ હારડીંગે જયારે હીંદી પ્રજાની જાહેર લાગણી દરશાવી ત્યારે લોકોના મન કાંઇક શાંત થયા અને દાદ મળશે એવો થોડો વિશ્વાસ પણ આવ્યો. બીજી તરફથી વિલાયતમાં લોરડ એમ્પથીલ અને તેની કમીટી તેવો જ પ્રયાસ કરી રહી હતી. હીંદી વાઇસરોયે

કમીશન

ની માગણી કરી અને છેવટે સ્થિતિ એવી આવી પડી કે વડી સરકારને વચ્ચે પડવું પડયું. કમીશન તો નીમાયું પણ તેથી દાદ મળે એવી બહુ આશા રાખી શકાય તેમ નહતું; કેમકે તેમાંના ત્રણમાંથી બે ગ્રહસ્થો હીંદી વીરૂદ્ધની લાગણી બતાવનારા હતા એવું હીંદીઓએ અગાઉના અનુભવે જોયેલું હતું. આ વખતેજ સરકારે હીંદી આગેવાનોને જેલની મુદત પુરી થયા પહેલાં છોડી મુકયા. તેમણે પણ કમીશન કબુલ ન રાખી શકાય એવું છે તેમ સલાહ આપી. અને સંતોષકારક દાદ ન મળે તો ૧૯૧૪ ના નવા વર્ષની પ્રભાતે ડરબનથી મોટી કુચ ઉપાડવાની ગોઠવણો થઇ, અને સરકારને તેની ખબર પણ અપાઇ ગઇ. પણ તેવામાં હીંદુસ્થાનથી મી. એંડરૂસ અને મી. પીઅરસન નીકળી ચુકયાના ખબર મળેલા અને વાઇસરોયના પ્રતીનીધી સર બેંજામીન રોબરટસન મુંબઇથી ખાસ સ્ટીમરમાં ઉપડયા. તેઓ ડરબન આવે ત્યાં સુધી મારચ શરૂ કરવાનું કામ થોભાવવાનું નકકી થયું. તેઓ આવ્યા અને વિષ્ટીનું કામ શરૂ થયું. કમીશને પણ પોતાનું કામ શરૂ કરયું, પણ હિંદીઓ પોતે લીધેલા સોગનથી કેમ ચળી શકે? કમીશન સન્મુખ જુબાની આપવાની તેઓએ ચોખ્ખી ના પાડી. આ અરસામાં બધા સત્યાગ્રહી કેદીઓ યુનીઅનની જુદી જુદી જેલોમાંથી છુટયા. તેમાંથી એક બેન વાલીઆમા જે તા. ૨૨ મી ડીસેમ્બરે પોતાની માતા સાથે ત્રણ માસની જેલમાં હતી તે જેલમાંથી લાવેલી માંદગીને લીધે છુટી થયા પછી તુરતજ મરણ પામી. છેવટની વિષ્ટી હજી ચાલતી હતી તેવામાં રેલ્વેની મહાન હડતાલ પડી. આથી વળી પાછી ઢીલ થઇ પણ હિંદી આગેવાનોએ ત્રીજી લડત શરૂ થઇ તે પહેલાં જેમ સબુરી પકડી હતી તેમ આ વખતે પણ સબુરી પકડી. હડતાલ થોડા વખત પછી શાંત પડી અને કેપ ટાઉનમાં તુરતજ પારલામેંટ મળી. આ વેળા મી. એન્ડરૂસ કેપટાઉનમાંજ હતા. મી. ગાંધી પણ ત્યાં ગયા. આ પ્રસંગે જાહેરમત કેળવવાના જે સંજોગો ભેળા થયા હતા તે અગાઉ કદી આવ્યા ન હતા, અને તેમાં મી. એન્ડરૂસનું સીટી હોલનું ભાષણ કે જેમાં લોરડ ગ્લેડસ્ટને હાજરી આપી હતી અને મેયરે પ્રમુખપદ લીધું હતું તેથી હીંદી આદર્શો વધારે પ્રકાશમાં આવ્યા.

કમીશનનો રીપોરટ અને નવો કાયદો

આ વખતે કમીશનનો રીપોરટ બહાર પડયો. તેણે સત્યાગ્રહીઓની બધી માગણી વાજબી જણાવી દાદ આપવાની સરકારને ભલામણ કરી. થોડાં અઠવાડીઆં પછી 'રીલીફ બીલ' નામનો કાયદો બહાર પડયો. પારલામેંટમાંથી તે પાસ કરાવવાને સરકારે જે દ્રઢતા અને ઇંતેજારી બતાવી હતી તેની છાપ કોના ઉપર નહીં પડી હોય? પા. ૩ નો કર ગયો. લગ્નના સવાલનો સંતોષકારક ફડચો થયો અને કાયદામાંથી જાતી ભેદ દુર થયો. આટલું તો બહુ ઉંડા ઉતરયા સિવાય નજરે આવી શકે તેમ છે. પરંતુ તેથી પણ

વધારે અગત્યનો લાભ

થયો છે. જેમ જેમ સત્યાગ્રહની લડત મજબુત અને પવિત્ર થતી ગઈ તેમ તેમ હિંદી અને યુરોપીઅન પ્રજા વચ્ચે ઘાડો સંબંધ બંધાતો ગયો. તેઓ એક બીજા સાથે વધુ નજીક આવતા ગયા. લડતના દરેક નવા દેખાવ સમયે નવી ફતેહ અને નવા મિત્રો મળતા ગયા. હિંદીઓ તરફ ધિઃકાર અને અણવિશ્વાસ બતાવવામાં આવતાં હતાં – આવી વરતણુંક સામે જે લાગણી બતાવવા ખાતર લડતની શરૂઆત થઈ હતી, તે અણવિશ્વાસ અને ધિઃકાર આજે વિશ્વાસ અને માનના રૂપમાં ફેરવાયાં છે. હિંદીઓના ભલાની વાત હોય યા તેમને

લાગુ પડતી કોઈ બીના હોય તો આજે તેઓના આગેવાનોની સાથે પ્રથમ મસલત કરવામાં આવે છે. અને સત્યાગ્રહ એ એક એવું હથીયાર સાબીત થયું કે જેની મદદથી ટુંક સમયમાં કોમે વોટથી મેળવી શકાય તેથી પણ વિશેષ મેળવ્યું છે. ૧૯૦૭ નો કાયદો રદ કરાવવો ત્યાંથી પ્રથમ હિલચાલ શરૂ થઇ. તે કાયદો રદ થયો અને તેનાજ જેવા કાયદા બીજા કોલોનીઓમાં થશે એવી ધાસ્તી રહેતી હતી તે પણ દુર થઇ. શરૂઆતમાં કોલોનીઓમાંથી હિંદીઓની જડ મુળ કાઢી નાખવા જાતી ભેદ વાળા કાયદા ઘડાવાની હમેશાં ધાસ્તી રાખવામાં આવતી હતી. આ સમાધાનથી આખા સામરાજ માં જાતી ભેદ વાળા કાયદા થાય એવો સંભવ નથી. હિંદુસ્તાનમાંથી આવતી ગીરમીટીઆ મજુરીનો દ. આફ્રીકામાં અટકાવ થયો છે. આવા આવા અનેક લાભો કોમે સત્યાગ્રહ ધારણ કરવાથી ઉઠાવ્યા છે.

પુરણાહુતી

માં અમારે જણાવવું જોઈએ કે જે લાભો ઉપર ગણાવ્યા તેથી પણ ઉત્તમમાં ઉત્તમ લાભ હિંદી પ્રજાએ એ ઉઠાવ્યો છે કે સત્યાગ્રહીઓએ ભોગવેલાં દુ:ખો, તેમણે વેઠેલી અનેક હાડમારીઓ, અને તેઓએ આપેલા મહાન આત્મભોગોથી શાંતી રૂપી નવીન જુસ્સો સરવત્ર પ્રસરી રહયો છે. કાયદે સર પ્રજાકીય સમાનતાનો વાવટો ઉડતો રાખવામાં આવ્યો છે, અને હવે કબુલ રાખવામાં આવ્યું છે કે હિંદી પ્રજા પણ ઉચ્ચ સ્થાનને લાયક છે, અને તેની અવગણના થઇ શકે એમ નથી. સત્યાગ્રહની લડતે સાબીત કરી દરશાવી આપ્યું છે કે શારીરીક બળ કરતાં આત્મિક બળ સર્વોત્તમ છે, તિરસ્કાર ના કરતાં પ્યાર એ ઉત્તમ છે અને બળના કરતાં હક એ સરસ વસ્તુ છે. જગતની પ્રજાઓમાં હિંદુસ્તાનનો દરજ્જો વધ્યો છે. તેનાં બાળકો દ. આફ્રીકામાં પ્રતિષ્ઠા મેળવી શકયાં છે. સુલેહ અને શાંતિના મારગે તેઓ હવે પોતાની ઉન્નતિ કરે અને દ. આફ્રીકામાં જે નવીન મહાન પ્રજા હાલ ઉછરે છે તેને ખીલવવામાં દરેક જણ પોત પોતાનો ફાળો આપે એવી અંતની પ્રાર્થના છે. અસ્તુ.

જનરલ સ્મટસનાં કેટલાંક જાણવા લાયક ભાષણ

દક્ષીણ આફ્રીકાની યાદગાર લડત સાથે જનરલ સ્મટસનું નામ હમેશાં જોડાઇ રહેશે. આ લડતની શરૂઆત કેમ થઇ તથા જુદાજુદા તબકકા સમયે હીંદીઓ માટે આ દેશમાં કેવી લાગણી હતી તેનો ઇતિહાસ રૂપે કાંઇક ખ્યાલ જનરલ સ્મટસનાં ભાષણમાંથી મળી શકે એમ છે. તેથી અમે તેનાં કેટલાંએક ભાષણોમાંથી જાણવા લાયક ભાગ અત્રે આપીએ છીએ:

અકટોબર ૧૯૦૭

જનરલ સ્મટસે પોતાના ચુંટણી કરનારાઓની સમક્ષ પ્રીટોરીઆમાં ભાષણ કરયું હતું તેમાં તે આ પ્રમાણે બોલ્યા હતા: દક્ષીણ આફ્રીકાની જાથુની આબાદીને તોડનારા ટ્રાંસવાલમાં વસતા હીંદી અને ચીનાઓ છે. જુના રાજ્યમાં ૧૮૮૫ના કાયદા પ્રમાણે હીંદી લોકો જો રજીસ્ટર થઇ અમુક રકમ ન આપે તો રહી શકતા ન હતા. તે કાયદા વડે બધા હીંદી રજીસ્ટર થતા. તેઓએ વેપારમાં હરીફાઇ કરી તેથી ડચ પાર્લામેન્ટે તેઓને બજારમાંજ વેપાર કરવા દેવાનો ઠરાવ કર્યો. પણ બ્રીટીશ સરકાર વચમાં આવી. તેઓ બ્રીટીશ રઇયત છે એમ તેણે કહ્યું અને જણાવ્યું કે લંડન કનવે નશનની રૂએ બધી બ્રીટીશ રઇયતને એક સરખી રીતે રાખવી જોઇએ અને તેથી બજારનો કાયદો અમલમાં ન આવી શકયો. પરીણામ એ આવ્યું કે હીંદી વેપારીઓ બધી જગ્યાએ પથરાઈ ગયા. તેઓ વગર લાયસેન્સથી વેપાર કરવા લાગ્યા તે તેથી તેઓ ગોરા વેપારી કરતાં સારી સ્થિતિમાં આવી પડયા. આ બધી ખરાબ સ્થિતિ હતી, છતાં બ્રીટીશ સરકારનાં લખાણોને લીધે લડાઇ થતા સુધી તે ચાલી. તેનું પરીણામ તમે પ્રીન્સલુ સ્ટ્રીટ (પ્રીટોરીઆ)માં, પીટર્સબર્ગમાં, પોચેસ્ટરૂમમાં અને બીજી જગ્યાએ જોઇ શકો છો. તે જગ્યાએ વેપાર હીંદીઓના હાથમાં છે. તો પણ લોકો પુછયા કરે છે કે દેશમાં ભુખમરો કેમ આવ્યો? વેપાર કેમ પડી ભાગ્યો છે? મને તો લાગે છે કે હીંદી વેપાર તેનું એક કારણ છે. જેમ નાતાલમાં છે તેમ હીંદી કોમે અહીં કરવા માંડયું છે. તેઓ બધો વેપાર લઇ લેવા માગે છે. **તેની દવા અમે કરીએ છીએ. તેટલા સારૂ અમે રજીસ્ટર કાયદો પસાર કરયો છે. તે કાયદો પસાર કરતાં કોઇ મેંબર તેની સામે નહીં થયેલ.** આ કાયદા બાબત અડચણ આવશે એમ હું જાણું છું તેથી તે શું છે એ હું તમને જણાવવા માગું છું. અહીં ઘણા હીંદી છે તેથી તે કાયદો અમે આકરો કર્યો છે. ......હીંદીઓ એમ ધારે છે કે તેઓ સરકારને બેવકુફ બનાવશે. પણ તેઓને થોડી મુદતમાં પોતાની ભુલ માલુમ પડી રહેશે.

હીંદીને રજીસ્ટર થવાની મુદત આપવામાં આવી છે. સરકારને માલુમ પડયું છે કે રજીસ્ટર ઓફીસની પાસે પીકેટ રાખવામાં આવે છે. તેનું પરીણામ એ આવ્યું છે કે ઘણાજ

થોડા હીંદી રજીસ્ટર થયા છે. પણ મારે તેઓને યાદ આપવું ઘટે છે કે દરેક વસ્તુનો અંત આવે છે. કાયદો સખત રીતે અમલમાં મુકવામાં આવશે. અને જે હીંદી મુદતની અંદર રજીસ્ટર નહીં થયો હોય તેને હદપાર કરવામાં આવશે. નવી નોટીસ કાઢવામાં આવી છે કે જેની પાસે રજીસ્ટર નહીં હોય તેને ડીસેમ્બર મહીના પછી લાઇસેન્સ આપવામાં આવશે નહીં. જો હીંદીઓ હાલ રજીસ્ટર નહીં થાય તો તેઓને આ છેલ્લી તક છે. ને પછી કોઇને રજીસ્ટર કરવામાં નહીં આવે. અંજામ એ આવશે કે એકે લાઇસેન્સ આપવામાં નહીં આવે ને બધી દુકાનો બંધ થશે. (તાળીઓ) હીંદી કોમ એમ ધારે છે કે સરકાર છેવટે પડતું મેલશે. **પણ હું તમને ખાત્રી આપું છું કે સરકાર પડતું મેલવા ધારતી નથી. હું હીંદીઓને ચેતવણી આપું છું કે અમે કાયદો પુર્ણ રીતે અમલમાં મુકશું.** હું ઉમેદ રાખું છું કે છાપાવાળાઓ ચોખ્ખું બતાવી આપશે કે તા ૩૧ ડીસેમ્બર પછી તેઓની સામે હમેશને સારૂ દરવાજા બંધ થશે. મારે હીંદી કોમ સાથે તકરાર નથી; અમારો હેતુ જુલમ કરવાનો નથી; પણ હીંદીઓને આવતા અટકાવવાનો છે. અમારો વિચાર આ મુલક સફેદ લોકોનો કરવાનો છે. ગમે તેવી મુસ્કેલી પડે તોપણ એમ કરવાનો નિશ્ચય છે ને તેમાંથી અહીંની સરકાર પાછી હઠનાર નથી.

ઓગસ્ટ ૧૯૦૮

મરજીઆત રજીસ્ટરને કાયદેસર ગણવાના બીલનું બીજું વાંચન રજુ કરતી વખતે તા. ૨૧ ઓગસ્ટ ૧૯૦૮ ના રોજ લેજીસલેટીવ એસેમ્બલીમાં મી. સ્મટસે ભાષણ કરયું તેમાં નીચેના શબ્દો હતાઃ—

આ એશીઆટીક સવાલે આ છેલ્લા ત્રણ ચાર વરસ થયાં તો વિચારવા લાયક રૂપ પકડયું છે અને આજે તે એક ગંભીર સવાલ થઇ પડયો છે. લડાઇ પછી આ દેશની ગોરી પ્રજાનાં દીલ આ સવાલના જેવાં બીજા કોઇ પણ કારણથી ઉચક થઇ ગયાં નથી એવું હું માનું છું. (હીઅર, હીઅર) છતાં માનવંતા સભાસદો કે પ્રજાને ભારે પગલાં લેવાની જરૂર નથી. આ સવાલ પુરી શાંતિથી વિચારવાનો છે. અને હું આશા રાખું છું કે આ સવાલ ઉપર જે ચરચા ચાલે તેમાં શાંતિ અને પુખ્ત વિચાર ધારણ કરશો. હાલના કેટલાક બનાવો ઉપરથી લોકોનાં મન ઉકળી રહ્યાં છે. પણ મને ખાતરી છે કે આ સભામાં માનવંતા ગ્રહસ્થો શાંતિથી તેની ચરચા કરશે. પાર્લામેંટની આ બેઠકમાં આ સવાલ ત્રીજી વખત હાથ ધરવામાં આવે છે. માનવંતા સભાસદોને યાદ હશે કે ૧૯૦૬ માં આ કોલોની વડી સરકારની નીચે હતું તે વખતે એક કાયદો થયો હતો પણ તેને વડી સરકારની મંજુરી મળી નહીં તેથી અમલમાં નહીં આવી શકયો પણ ૧૯૦૭માં અહીંની સ્વતંત્ર સરકારે કાંઈ ફેરફાર કર્યા વિના ઘડી મોકલ્યો ત્યારે વડી સરકારે બહાલ રાખ્યો. આ કાયદો ગયે વરસે અમલમાં આવ્યો. તે મુજબ રજીસ્ટર થવાની જુદી જુદી તારીખોની નોટીસો બહાર પાડી પણ કેટલાંક કારણોને લઇને એશીઆટીકોએ તેની સામે સત્યાગ્રહ આરંભ્યો અને કાયદા પ્રમાણે રજીસ્ટર કરવાનો હેતુ બર આવ્યો નહીં. રજીસ્ટર કઢાવવાની મુદત તા. ૩૦ જુન સુધીની ઠરી હતી તે વખત દરમ્યાન આખા કોલોનીમાંથી માત્ર ૬૦૦ એશીઆટીકોએ રજીસ્ટર કઢાવ્યાં હતાં. આખા દેશમાં એશીઆટીકોની વસ્તી ૬૦૦ કરતાં ઘણી મોટી છે. એટલે જોઇ શકાય છે કે સત્યાગ્રહની લડતમાં તેઓ ફાવી શકયા હતા. આ બહુ કફોડી તેમજ ભયંકર સ્થિતિ ગણાય. સત્યાગ્રહની સામે સરકારે કેવી રિતે થવું તેના જેવી કફોડી સ્થિતિ બીજી કોઇ નથી. આ પગલું લડાઈની બરાબર છે. અને રાજ્ય કર્તાની નજરે અંધેર ગણી શકાય. આગળના જમાનામાં લડાઇ જાહેર કરીનેજ આ વાતનો ફડચો લાવ્યા હત. પણ આવા સમયમાં તેમ થવું અસંભવીત છે અને તેથી સરકારે કેવી રિતે કામ લેવું એ ઘણું વિચારવા જેવું થઇ પડયું છે. આ કાયદાને અમલમાં મુકવા મારાથી જેટલું બની શકયું તેટલું મેં કરયું. કાયદા પ્રમાણે સજા કરી પણ તેનું પરીણામ એ આવ્યું કે દેશના એક છેડાથી બીજા છેડા સુધીનાં કેદખાનાં એશીઆટીકોથી ભરાઈ ગયાં. આ સ્થિતિ ઘણી અસંતોષકારક ગણાય. માનવંતા સભાસદોને યાદ હશે કે છેવટે હું તેમના કેટલાક આગેવાનોને મળ્યો અને કેટલીક ચરચા કરી, તેને પરીણામે પાર્લામેંટ મળે ત્યાં સુધી કામચલાઉ ગોઠવણ થઇ. તેનો હેતુ એ હતો કે ટ્રાંસવાલના હકદાર રહીશ હોય તેવા સઘળા એશીઆટીકો મરજીઆત રજીસ્ટર કઢાવે અને પાર્લામેંટ મળે ત્યારે તે કબુલ રાખવા માટે તે બીના પાર્લામેંટમાં રજુ કરવી. આ ગોઠવણ પ્રમાણે એશીઆટીકોએ મરજીઆત રજીસ્ટરને માટે અરજી કરી અને આજ સુધીમાં આ દેશમાંના લગભગ દરેક એશીઆટીકે રજીસ્ટ્રેશન માટે અરજી કરી છે. કુલ અરજીઓ ૯,૧૫૮ થઇ છે. આથી આપણને ખાત્રી થાય છે કે ઉમરે પહોંચેલા મરદની વસ્તી તે સંખ્યાથી વધુ નથી.

એપ્રીલ ૧૯૦૯

ટ્રાંસવાલ લેજીસ્લેટીવ એસેમ્બલીમાં મી. જી. જી. મનીકના એક સવાલના જવાબમાં મી. સ્મટસે નીચે મુજબ જવાબ આપ્યો હતોઃ

"જો તમે ઇતિહાસમાં એટલે દુર સુધી જશો તો આપણે બધા ગોરા એશીઆટીક છીએ. એવી માન્યતા છે કે આપણે એશીઆમાંથી યુરોપમાં આવેલા; ને તેથી આપણે યુરોપી અન ઓલાદના કહેવાઇએ તેમ એશીઆટીક ઓલાદના પણ કહેવાઇએ........"

માર્ચ, ૧૯૧૧

ઇમીગ્રેશન બીલ પાર્લામેંટમાં મારચ ૧૯૧૧ માં રજુ કરતી વખતે જનરલ સ્મટસ બોલ્યા કે એશીઆટીક એક વખત અહીં આવ્યા પછી બીજી બાબતો સવાલમાં દાખલ થાય છે, અને તે ઉપર ઘણી સંભાળથી ધ્યાન આપવું પડે છે આપણે હાથમાં ધરવા પડેલ અઘરામાં અઘરા સવાલોમાંનો તે એક છે. સરકારની સામે આવીને એ વાત ખડી રહી છે કે એશીઆટીકોને જંગલી તરીખે રાખી શકાશે નહીં. કેમકે તેઓ પ્રાચીન સુધારાવાળા લોકો છે; પોતાના હકપર હુમલો થાય ત્યારે બચાવ કેમ કરવો તે તેઓને આવડે છે; કેમ એકત્ર થવું અને પોતાના હકનું કેમ રક્ષણ કરવું એ તેઓ શીખ્યા છે. તેઓ ખરેખર બહુ હોંશીયાર છે. તેમાંના કેટલાક ઉચ્ચ ચારિત્રવાન, અને મોટી બુદ્ધિવાળા પુરૂષો છે. તેમની કારોબારી વ્યવસ્થા (ઓરગેનીઝેશન) એવી છે કે જે દક્ષીણ આફ્રીકામાં તો જોરાવર છે એટલુંજ નહીં પણ હીંદુસ્તાન અને ઈંગ્લાંડમાં પણ તેઓનું જોર સરસ છે.

તા. ૧૮ જુન ૧૯૧૪

રીલીફ બીલ સેનેટમાં બીજી વખતે વંચાયું ત્યારે જનરલ સ્મટસ પોતાના ભાષણ દરમ્યાન બોલ્યા હતા કે શાન્તિ ફેલાવવાને માટે આપણે જે કરી શકીએ તે બધું કરવા માટે રીપોર્ટની ભલામણો અમલમાં મુકવી ઘટે છે. કદાચ એમ પણ બને કે ગમે તેટલું કરતાં પણ શાન્તિ ન થાય. પરંતુ આપણે તેનો ખ્યાલ નથી કરવાનો; આપણે તો આપણી ચોખી ફરજ બજાવવાની છે. પા ૩ના કાયદાથી હીંદીઓ પાછા પોતાને દેશ જતા હોય એટલો પણ અર્થ સરતો હોય તો તો ઠીક છે, પણ કમીશને આપણને જણાવ્યું છે કે તે તો કંઇ નથી; ઉલટાની મુસ્કેલી ઉભી કરવાનું તે સાધન બને છે. આ સ્થિતિનો વિચાર કરવો અને દિવસો જતાં જે વધારે ગંભીર રૂપ પકડે એમ છે તે કારણો દુર કરવામાં ડહાપણ ગણાશે. સરકાર તરીકે આપણે કમીશનના ચુકાદાને પુરેપુરૂં ધ્યાન આપવું ઘટે છે. શું આપણે લોકોને બંદુકે મારી આખી શહેનશાહતમાં ભડકો કરવો છે? જો આ મુસ્કેલીમાંથી કોઇ રસ્તો નીકળી શકે એવું છે તો તે રસ્તો કાઢવોજ જોઇએ.

સત્યાગ્રહની છેલ્લી લડતનો મારો અનુભવ

[લખનારઃ શ. રા. મોહનદાસ કરમચંદ ગાંધી]

છેલી લડતમાં તો અવધી થઇ છે. તે અનુભવ લખવાનો મને વખતજ મળ્યો નથી. તેમાં મળેલા અનુભવનો લાભ ઈ. ઓ. ના વાંચક વરગને આપવાનો હતો. છેલ્લી લડત તે સત્યાગ્રહનું ત્રીજું પ્રકરણ હતું એ વાંચનારે યાદ રાખવું ઘટે છે. પહેલું પ્રકરણ બંધ થયું ત્યારે આપણે—મેં તો જરૂર—છેલ્લું માન્યું હતું. પણ જ્યારે બીજું પ્રકરણ શરૂ થવાનો વખત આવ્યો ત્યારે ઘણા ભાઈઓ મને કહેવા લાગ્યા કે હવે કોણ લડશે? વખતોવખત કોમ એટલું જોર બતાવી શકશે નહીં. આ સાંભળ્યું ત્યારે હું હસેલો. સત્ય ઉપર મારી અચળ આસ્થા હતી. મેં જવાબ આપ્યો કે 'લોકોએ એક વખત રસ ચાખ્યો છે એટલે હવે વધારે લડશે.' થયું પણ તેમજ. પહેલી વેળા સો બસેં હીંદી જેલ ગયા. બીજી વેળા સેંકડો ગયા. એટલુંજ નહીં પણ નાતાલ જાગ્યું ને ત્યાંથી આગેવાનો ભાગ લેવા આવ્યા. લડત ખુબ લંબાઇ છતાં જોર તુટ્યું નહીં ને આપણે આગળ વધ્યા. છેલી વેળાયે તો હારનીજ વાતો મેં સાંભળી. "વખતો વખત તને સરકાર દગો દીએ તું છેતરાય ને વખતો વખત લોકો ખાડામાં ઉતરે એ બનેજ નહીં." આવું કડવું વચન મારે સાંભળવું પડતું હતું. હું ઘણુંયે સમજતો હતો કે સરકારના દગાની સામે મારો કે કોઇનો ઉપાય ચાલે તેમ ન હતું. આપણે પ્રોમીસરી નોટ લઇએ પણ સહી કરનાર ઇનકાર કરે અથવા ખુટી પડે તેમાં લેનારનો શો દોષ? હું તો જાણતો હતો કે સરકાર વચન ભંગ કરે તો જેમ આપણને વધારે મહેનત કરવી પડશે તેમ તેમ તેને વધારે આપવું પડશે. કરજી કરજ ભરતાં વખત લગાડે તેટલે દરજે તેને વધારે બોજો ઉપાડવો પડે છે એ અચળ કાયદો સંસારી તેમજ ધાર્મીક કરજને લાગુ પડે છે. મેં તો વળી જવાબ આપ્યો કે "સત્યાગ્રહની લડત એવી છે કે તેમાં હારવાનું કે પસ્તાવાનું છેજ નહીં. તે લડતમાં હમેશાં માણસ વધારે બળવાન થાય છે. તેમાં થાક લાગતો નથી ને દરેક મજલે જોર વધે છે. જો આપણામાં સત્ય હશે તો હીંદી કોમ આ વેળા વધારે કામ કરશે ને પોતાનું નામ વધારે ઉજ્વળ કરશે." આ જવાબ મેં વાળ્યો ત્યારે મારા સ્વપ્નામાં પણ ન હતું કે વીસ હજાર ગરીબડા હીંદી જાગશે, તેઓ પોતાનું નામ ને પોતાના દેશનું નામ અમર કરશે. જનરલ બોથાએ પોતાના એક ભાષણમાં કહ્યું છે કે હીંદી કોમે જેવી હડતાલ પાડીને જાળવી તેવી ગોરાઓ પાડી કે જાળવી શક્યા નથી. છેલી લડાઇમાં ઓરતો દાખલ થઇ, સોળ વરષના જુવાન બાળકો ઘણા જોડાયા ને લડતે બહુ વધારે ધારમીક સ્વરૂપ લીધું. દ. આ. ના હિંદીની વાત આખા જગતમાં ફેલાઇ. ને હિંદુસ્તાનમાં ગરીબને તવંગર, જુવાન ને

ઘરડા, પુરૂષ તેમજ સ્ત્રી, રાજા ને રઇયત, હીંદુ મુસલમાન, પારસી, ખ્રીસ્તી, મુંબઇવાળા, મદ્રાસવાળા, કલકત્તાવાળા ને લાહોરવાળા બધા જાગ્યા, બધા આપણી તવારીખથી વાકેફ થયા ને આપણને મદદ કરવા લાગ્યા. વડી સરકાર ચમકી, વાઇસરોયે પ્રજાનું વલણ જાણીને પ્રજા પક્ષ લીધો. આ બધી જગજાહેર વાત છે. લડતનું મહત્વ બતાવવા હું આ બીનાઓ લખી જાઉં છું. આ લેખ લખવામાં મારો મુખ્ય હેતુ તો એ છે કે જે બીનાઓથી હું વિશેષ વાકેફ છું, જેની હીંદને ખબર નથી અને જેનું ભાન દ. આ. માં રહેનારા હીંદી ભાઇઓને પણ પુરૂં નથી તે બીનાઓનું દરશન કરાવવું.

ટોલસ્ટોય ફારમમાં જે તાલીમ લેવાઇ તે બધી આ છેલ્લી લડતમાં કામ આવી. સત્યાગ્રહીઓએ જે જીંદગી ત્યાં ભોગવી તે આ લડતમાં અમુલ્ય થઇ પડી તેજ જીંદગીની નકલ વધારે સારી રીતે ફીનીક્સમાં કરવામાં આવી. જ્યારે ટોલ સ્ટોય ફારમ બંધ કરયું ત્યારે તેમાં વસતા નિશાળીઆ જે આવવા તઇયાર હતા તે ફીનીક્સમાં આવ્યા. ફીનીક્સમાં ધારા સખત થયા. અને દરેક નિશાળીઆ તથા તેના મા બાપની સાથે એ શરત હતી કે જે નિશાળીઆ ફીનીક્સ રહે તેણે જો તે ઉમરલાયક હોય તો, ને લડત ફરી જાગે ત્યારે તેમાં દાખલ થવું જોઇએ. ખરૂં જોતાં ફીનીક્સમાં મુખ્ય કેળવણીજ સત્યાગ્રહની થઇ પડી. ફીનીક્સમાં વસનારાં કુટું બને પણ એ નિયમ લાગુ પડતો થયો. તેમાં માત્ર એકજ કુટુંબ અળગું રહયું. એટલે પરિણામ એ આવ્યું કે ફીનીક્સ ચલાવવા સારૂ જેટલા માણસની જરૂર પડે તે સિવાય બધા જ્યારે લડત ઉઠી ત્યારે તઇયાર હતા. આથી ત્રિજી લડતની શરૂઆત ફીનીક્સ વાળાઓથી થઇ. જ્યારે સ્ત્રીઓ પુરૂષો ને બાળકો નીકળ્યાં ત્યારનો દેખાવ મારાથી ભુલાય તેવો નથી. દરેકને એકજ લાગણી હતી; તે એ કે આ લડત ધરમ યુધ્ધ છે, ને તેઓ જાત્રાએ નીકળતા હતા. જતી વેળા તેઓએ ભજન કીરતન ગાયાં તેમાંનું એક પ્ર ખ્યાત કાવ્ય "સુખ દુઃખ મનમાં ન આણીએ" એ છે. તે અવસરે જે અવાજ બાળકો, સ્ત્રીઓ, ને મરદોના મુખમાંથી નીકળતો હતો તેનો ભણકારો હજુ મારા કાનમાં પડેછે. આ સંઘની સાથેજ મહાન પારસી રૂસ્તમજી હતા. ઘણાના મન માં હતું કે મી. રૂસ્તમજીએ ગઇ વેળા એટલું દુઃખ ભોગવ્યું છે કે તે હવે નહિ જોડાય. આમ બોલનારા મી. રૂસ્તમજીની મહત્તાને નહોતા જાણતા. બઇરાંઓ અને બાળકો જાય તથા પોતે ઘેર બેસે એ તેમનાથી જોવાયજ નહિ. અને આ સમયના બીજા બે બનાવ યાદ આવેછે. મી. રૂસ્તમજી તથા તેના કેસરીસિંહ જેવા બાળક સોરાબજી વચ્ચે હરિફાઇ ચાલી. સોરાબજી કહે બાવાજી મારે આવવું છે; તમારી વતી અને જવા દો આવવા. મને પણ સાથે લઇ જાઓ.

બીજો દેખાવ મરહુમ હુસેન મીંયાની સાથેનો મી. રૂસ્તમજીનો મેળાપ હતો. મી. રૂસ્તમજી તેને મળવા ગયા ત્યારે તેની આંખમાંથી આંસુની ધારા ચાલી ને તેણે કહ્યું 'કાકાજી, જો હું સાજો હોઉં તો તમારી સાથે જેલમાં આવું.' ભાઇ હુસેનનો દેશ તરફનો પ્રેમ બહુ ભારે હતો. તેણે ખાટલા વશ છતાં લડતને ટેકો આપેલો ને જે તેને મળતું તેની પાસે તે લડતનીજ વાત કરતો.

ફીનીક્સમાં જેઓ પાછળ રહ્યા તેઓમાં ૧૬ વરષની અંદરના છોકરાઓ પણ હતા. તેઓએ ને કારભારીઓએ જેલની બહાર હોવા છતાં જેલમાં જનાર કરતાં વધારે કરી બતાવ્યું. તેઓએ રાત દિવસનો ભેદ કહાડી નાખ્યો. પોતાના સાથી તથા મુરબ્બીઓ ન છુટે ત્યાં લગી અધરાં વ્રતો લીધાં, અલુણા આહાર ઉપર નિરવાહ ચલાવ્યો, ને જોખમનાં કામો પણ બેધડક થઇ માથે લીધાં. જ્યારે વીકટોરીયા કાઉંટીમાં હડતાલ પડી ત્યારે સેંકડો ગીરમીટીઆઓ એ ફીનીક્સમાં આશરો લીધો. તેઓની બરદાસ કરવી એ એક મહત કારય હતું. ગીરમીટીયાના શેઠો તરફથી ધાડ આવવાની ધાસ્તિ છતાં બેધડકપણે કારય કરયે જવું એ બીજું. પોલીસો ત્યાં ગયા, મી. વેસ્ટને પકડી ગયા, બીજાઓને પકડી જાય એવો સંભવ હતો, તે બધાની તઇયારી રાખી પણ એક આદમી ફીનીક્સમાંથી ચળ્યો નહી. હું ઉપર કહી ગયો છું કે આમાં માત્ર એકજ કુટુંબ અપવાદ રૂપે રહેલું. ફીનીક્સના કારભારીઓએ આ પ્રસંગે કોમની સેવા બજાવી છે તેનું માપ હીંદી કોમ કરી શકે તેમ નથી. આ છુપો ઇતિહાસ હજુ નથી લખાયો તેથી હું તેમાંનો કંઇક ભાગ આપી જાઉં છું. તે એવી આશાથી કે કોઇકિ દિવસ કોઇ જીજ્ઞાસુ વધારે હકિકત મેળવી ફીનીક્સના કારભારી ઓના કારયની કીંમત કંઇક અંશે આંકી શકે. હું વિશેષ લખવા લલચાઉં છું પણ ફીનીક્સને અહીં પડતું મેલું છું.

ફીનીક્સની ટુકડી જેલ ગઇ એટલે જોહાન્સબરગથી ન રહી શકાયું. ત્યાંની બઇરીઓ અધીરી થઇ. તેઓને જેલ જવાનો ઘણોજ ઉત્સાહ થયો. મી. થંબી નાઇડુનું કુટુંબ આખું તઇયાર થયું. તેમની ઓરત, સાળી, સાસુ, મી. મુરગનનાં સગાંઓ, મીસીસ પી. કે. નાયડુ, અમર નામ કરી ગએલી બહેન વાલીઆમા અને બીજી સ્ત્રીઓ તઇયાર થઇ. તેઓ કાખમાં બાળકો લઇ ચાલી નીકળી. મી. કેલનબેક તેઓને લઇ ફ્રીનીખન ગયા. ત્યાં જવામાં એવી ઉમેદ હતી કે તેઓ ફ્રી સ્ટેટની સરહદ પર જઇ પાછા વળતાં પકડાશે. તેઓની ઉમેદ બર ન આવી. તેઓએ કેટલાક દિવસ દુખે સુખે ફ્રીનીખનમાં ગાળ્યા. ત્યાં ટોપલીઓ લઇ ફેરી કરી પકડાવાનો પ્રયત્ન કર્યો પણ કોઇએ તેઓને પકડી નહિ.

આ નિરાશામાં અમર આશા, છુપાઇ રહેલી હતી. જો

ઓરતોને સરકારે ફ્રીનીખનમાંજ પકડી હત તો વખતે હડતાલ ન પડત. એટલું તો ચોકસ છે કે જે પાયા ઉપર હડતાલ જામી તે પાયા ઉપર તો નજ જામત. પણ કામ ઉપર ઇશ્વરનો હાથ હતો. તે સદા સત્યનો બેલી છે. ઓરતો ન પકડાઈ તેથી એમ ઠરયું કે તેઓએ નાતાલની હદ ઓળંગવી. જો તેઓને ન પકડે તો તેઓએ મી. થંબી નાઇડુની સાથે ન્યુકાસલ મથક કરવું. તેઓ નાતાલ તરફ રવાના થઈ. સરહદ પર પોલીસે ન પકડી. ન્યુકાસલ ઘર કરયું. ત્યાં મી. ડી. લાઝરસે પોતાનું ઘર ઓરતોને સોંપ્યું ને તેમની ઓરતે તથા સાળી મીસ થોમસે આ સત્યાગ્રહી ઓરતોની સારવાર કરવાનું માથે લીધું.

ઠરાવ એવો હતો કે ઓરતોએ ન્યુકાસલમાં ગીરમીટીયાની ઓરતોને તથા ગીરમીટીયાને મળવું. તેઓને તેઓની દશાનો ચિતાર ઓપવો ને ત્રણ પાઉંડના કર બાબત હડતાલ પાડવાનું સમજાવવું; પછી જ્યારે હું ન્યુકાસલ પહોચું ત્યારે હડતાલ પાડવી. પણ ઓરતોની હાજરી તો સુકાં લાકડાં ઉપર દિવાસળી રૂપ થઇ પડી. આ સેજ તળાઇ વીના નહી સુનારી, ભાગ્યેજ મોં ખોલનારી ઓરતોએ ગીરમીટીયા પાસે જાહેરમાં ભાષણ કરયાં. તેઓ જાગ્યા ને હું પહોંચું તે પહેલાં તો તેઓએ હડતાલ પાડવાનો આગ્રહ કરયો. કામ ઘણું જોખમ ભરેલું હતું. મી. નાઈડુનો તાર મને મળ્યો. મી. કેલનબેક ન્યુકાસલ ગયા ને હડતાલ શરૂ થઇ. હું ન્યુકાસલ પહોંચ્યો તે દરમીયાન તો બે કોલસાની ખાણોના હિંદીઓએ કામ બંધ કરયું હતું.

મી. હોસ્કેનના પ્રમુખપણા નીચેની યુરોપીયન સહાયક કમીટીયે મને બોલાવ્યો. હું તેઓને મળ્યો. તેઓએ આપણી હિલચાલ પસંદ કરી ઉત્તેજન આપવાનો ઠરાવ કરયો. એક દીવસ જોહાન્સબરગમાં રહી હું ન્યુકાસલ પહોંચ્યો ને ત્યાં રહયો. મેં જોયું કે લોકોનો ઉત્સાહ અત્યંત હતો. ઓરતોની હાજરીની બરદાસ સરકાર ન કરી શકી ને છેવટે તેમને રખડુના તહોમત નીચે જેલ આપી. મી. લેઝરસનું ઘર હવે સત્યાગ્રહની ધરમશાળા બન્યું. ત્યાં તો સેંકડો ગીરમીટીયા ને સારૂ ખાણું પકાવવાનું કરવું પડયું તેથી મી. લેઝરસ નાસીપાસ નહિં થએલા. ન્યુકાસલના હિંદીઓએ કમીટી નીમી. મી. સીદાત પ્રમુખ નીમાયા. કામ ધમધોકાર ચાલ્યું. બીજી ખાણોના હિંદીએ કામ બંધ કરયું.

આમ ખાણોના હિંદી મજુરો કામ બંધ કરતા ચાલ્યા તેથી કોલસાના ધણીઓના મંડળની મીટીંગ થઇ. મને ત્યાં બોલાવવામાં આવ્યો. ત્યાં વાતચીત ખુબ થઇ પણ નીવેડો ન આવ્યો. તેઓની માંગણી એવી હતી કે જો આપણુ હડતાલ બંધ રાખીએ તો તેઓ સરકારને ત્રણ પાઉંડના કર બાબત લખાણ કરે, આ કંઇ સત્યાગ્રહીથી કબુલ ન થાય. આપણને ધણીઓની સાથે વેર ન હતું. હડતાલનો હેતુ ધણીઓને દુખ દેવાનો ન હતો. માત્ર આપણે દુખ ઉઠાવવાનો હતો. એટલે કોલસાના ધણીની સલાહ માન્ય ન થાય તેવી હતી. હું પાછો ન્યુકાસલ આવ્યો. મજકુર મીટીંગનું પરીણામ મેં જણાવ્યું તેમ ઉત્સાહ વધ્યો. વધારે ખાણોમાં કામ બંધ થયું.

આજ લગી મજુરો પોતપોતાની ખાણમાં રહેતા હતા. ન્યુકાસલની કારભાર મંડળીયે વીચારયું કે જ્યાં લગી ગીરમીટીયા પોતાના શેઠની જમીનમાં રહે ત્યાં લગી હડતાલની પુરી અસર પડે નહી. તેઓ લલચાઇ અથવા ડરીને કામ શરૂ કરે એ ભય હતો. અને શેઠનું કામ ન કરવું છતાં તેના ઘરમાં વસવું અથવા તેનું નીમક ખાવું એ અનીતી ગણાય. આમ ગીરમીટીયાઓનું ખાણો પર રહેવું દોષીત હતું. છેલ્લો દોષ તે સત્યાગ્રહના શુદ્ધ પ્રયાસને મલીન કરનાર જણાયો. બીજી તરફથી હજારો હિંદીને કયાં રાખવા, તેઓને કેમ જમાડવા એ ભારે કામ હતું. મી. લેઝરસનું મકાન હવે બહુ નાનું જણાયું. બીચારી બે ઓરતો રાત દીવસ મહેનત કરતાં પણ પહોચી શકે એમ ન લાગ્યું. તેમ છતાં પણ ગમે તે જોખમ ઉઠાવી ખરૂંજ કરવું એ નિશ્ચય થયો. ગીરમીટીયાઓને પોતાની ખાણ છોડી ન્યુકાસલ આવવાના સમાચાર મોકલવામાં આવ્યા. આ ખબર મળતાંજ ખાણોમાંથી કુચ શરૂ થઈ. બેલંગીની ખાણના હીંદીઓ પહેલા આવી પહોંચ્યા. ન્યુકાસલમાં કેમ જાણે હમેશાં જાત્રાળુનો સંઘ આવતો ન હોય એવો દેખાવ થઈ રહયો. જુવાન, બુઢાઓ, ઓરતો કોઈ છડી ને કોઇ કાખમાં બચ્ચાં વાળી – બધી પોતાના માથા પર ગાંસડીઓ વાળી હતી. મરદોના માથા પર પેટીઓ જોવામાં આવતી હતી. કોઈ દિવસના આવી પહોંચતાં તો કોઈ રાતના. તેઓને સારૂ ખાવાનું પુરૂં પાડવું પડતું. આ ગરીબ માણસના સંતોષનું હું શું વરણન કરૂં ? જે મળ્યું તેથી તેઓ સુખ માનતા. ભાગ્યેજ કોઇ રડતો જોવામાં આવતો. બધાના ચહેરા ઉપર હાસ્ય ખીલી રહેલું હતું. મારે મન તો તેઓ તેત્રીસ કોટી દેવતાઓમાંના હતા. સ્ત્રીઓ દેવી રૂપ હતી. તેઓ બધાને છાપરૂં કયાંથી અપાય ? સુવાને તૃણ સાથરો હતો. છાપરૂં આકાશ હતું. તેએનો રક્ષક ઇશ્વિર હતો. કોઈએ બીડીની માગણી કરી. મેં સમજાવ્યા કે તેઓ ગીરમીટીયા તરીકે નહોતા નીકળી પડયા, તેઓ હીંદના સેવક તરીકે નીકળ્યા હતા. તેઓ ધારમીક લડતમાં જોડાયા હતા ને આવે વખતે તેઓએ દારૂ, તમાકુ વીગેરે વ્યસન છોડવાં જોઈએ. જેઓ ન છોડે તેમણે જાહેર પઈસામાંથી તેની હાજતો પુરી પાડવાની આશા ન રાખવી જોઈએ. આ સાધુ પુરૂષોએ ઉપરની સલાહ માન્ય રાખી ને ત્યાર પછી કોઇએ બીડીને માટે પઈસા ખરચવાની મારી પાસે માગણી કરી નહી. આમ ખાણોમાંથી હાર ચાલુ થઈ તેમાં એક ઓરત જે ગરભવતી હતી તેને રસ્તામાં ચાલતાં

ગરભપાત થયો. આવાં અનેક દુખો ઉઠાવતાં છતાં કોઈ થાક્યા નહિ, પાછા હઠ્યા નહિ.

ન્યુકાસલમાં હીંદીની વસ્તી બહુ વધી પડી. હીંદીની જગ્યાઓ ભરાઈ ગઇ. તેઓની પાસેથી જેટલાં મકાનો મળી શક્યાં તેટલામાં સ્ત્રીઓ અને ધરડાઓનો સમાસ થઈ શકયો. આ જગ્યાએ કહેવું જોઈએ કે ન્યુકાસલના ગોરાની વસ્તીએ ઘણો વિનય વાપરયો હતો. તેઓએ લાગણી પણ દરશાવેલી. કોઈ પણ હીંદીને કનેડગત નહિ કરેલી. એક ભલી બાઇએ પોતાનું મકાન મફત વાપરવાને આપ્યું. બીજી પણ ઝીણી મદદો ઘણા ગોરા પાસેથી મળ્યા કરતી હતી.

પણ ન્યુકાસલમાં હજારો હીંદીને સદાયને સારૂ રાખી શકાય એવી સ્થિતિ નહતી. મેયર ગભરાએલા. ન્યુકાસલની વસતી સાધારણ રિતે ત્રણ હજારની ગણાય. તેવા ગામડામાં દશ હજાર માણસ બીજા સમાઈ નજ શકે. બીજી ખાણોના મજુરો કામ બંધ કરવા લાગ્યા. એટલે હવે શું કરવું એ સવાલ ઉઠયો. હડતાલ પાડવામાં હેતુ એ હતો કે જેલ જવું. મજુરોને પકડવા ધારે તો સરકાર પકડી શકતી હતી. પણ હજારોને સારૂ તેની પાસે જેલજ ન હતી તેથી મજુરો ઉપર હજુ હાથ ન નાખ્યો. ત્યારે હવે ટરાંસવાલની હદ ઓળંગી પકડાવું એજ સહેલો ઉપાય રહયો. વળી તેમ કરતાં ન્યુકાસલમાં ભીડ ઓછી થાય એમ પણ લાગ્યું ને હડતાલીયાની વધારે કસોટી થાય. ન્યુકાસલમાં ખાણોના જાસુસો હડતાલીઓને લલચાવી રહ્યા હતા. એક પણ મજુર પડયો નહીં. તો પણ તે લાલચથી તેમને દુર રાખવા એ કારભાર મંડળની ફરજ હતી. આવાં કારણે ન્યુકાસલથી ચારલસટાઉન કુચ કરવી એ ઠીક જણાયું. પંથ લગભગ ૩૫ માઇલનો હતો. હજારો માણસોને સારૂ રેલ ભાડું નજ ખરચી શકાય. એટલે બધા મજબુત મરદ ને સ્ત્રિઓએ પગેપાળા જવું એમ ઠરાવ થયો. જે ઓરતો ન ચાલી શકે તેને રેલમાં લઇ જવાનું ઠરયું રસ્તામાં પકડાપકડી થવાનો સંભવ હતો તેમજ આવો આ પહેલો અનુભવ હતો તેથી પહેલી ટુકડી મારે લઈ જવી એ નિશ્ચય થયો. પહેલી ટુકડીમાં લગભગ ૫૦૦ હતા તેમાં લગભગ ૬૦ સ્ત્રિઓ પોતાના બચ્ચાં સહીત હતી. આ ટુકડીનો દેખાવ હું કદી ભુલી શકું તેમ નથી. 'દ્વારકાંનાથકી જે' 'રામચંદ્રકી જે' 'વંદે માતરમ' આવા પોકારો કરતી ટુકડી ચાલતી. એ દિવસ થાય તેટલા પકાવેલા દાલ ચાવલ લંધાવ્યા હતા. સઉ પોતાના પોટલાં બાંધી ચાલી નીકળેલા. તેઓને નીચે પ્રમાણે શરતો સંભળાવવામાં આવી હતી.

૧ હું પકડાઇ જાઉં એવો સંભવ હતો. જો તેમ બને તો પણ ટુકડીએ કુચ જારી રાખવી. અને જ્યાં સુધી તેઓ પોતે ન પકડાય ત્યાં લગી તેઓએ ચાલ્યા કરવું. રસ્તામાં ખોરાક વિગેરેનો બંદોબસ્ત કરવા સરવ પ્રયત્ન થશે, છતાં કદાચ કોઇ દિવસ ખાવાનું ન મળે તો પણ સંતોષ રાખવો.

૨ લડતમાં રહેતાં સુધી દારૂ વિગેરેનું વ્યસન છોડવું.

૩ મરણ પરયંત પાછા ન હઠવું.

૪ રસ્તામાં રાત પડે ત્યાં ઘરની આશા ન રાખવી પણ ઘાસમાં પડી રહેવું.

૫ રસ્તામાં આવતાં ઝાડ પાનને જરા પણ ઇજા ન કરવી. અને પારકી ચીજને બીલકુલ ન અડકવું.

૬ સરકારી પોલીસ પકડવા આવે તો પકડાઈ જવું.

૭ પોલીસની કે કોઇની સામે ન થવું પણ માર પડે તો તે સહન કરવો, ને સામે માર મારીને બચાવ ન કરવો.

૮ જેલમાં જે દુઃખો પડે તે ઉઠાવવાં, ને જેલને મહેલ સમજી તેમાં દિવસ ગુજારવા.

આ સંઘમાં બધા વર્ણ હતા. હીંદુ, મુસલમાન, બ્રાહ્મણ ક્ષત્રિ, વઇસ્ય અને શુદ્ર હતા. કલકત્તીઆ હતા ને તામીલ હતા. કેટલાક પઠાણોને તેમજ ઉત્તર તરફના સીધીને માર ખાઈ લેતાં પણ બચાવ ન કરવાની શરત આકરી લાગી હતી પણ તેઓએ તે શરત ખુશીની સાથે સ્વીકારી, એટલુંજ નહીં પણ તેઓની કસોટીનો વખત આવતાં તેઓએ બચાવ પણ નહીં કરેલો.

આવી સ્થિતિમાં પહેલી ટુકડીની કુચ શરૂ થઈ. પહેલીજ રાતે વગડામાં ઘાસ પર સુવાનો અનુભવ થયો. રસ્તામાં લગભગ ૧૫૦ માણસોને સારૂ વારંટો મળ્યાં. તેઓ ખુશીથી પકડાયા. પકડવાને એકજ પોલીસ અમલદાર આવ્યો હતો. તેની સાથે બીજી કંઈ મદદ ન હતી. પકડાયા તેમને કેમ લઈ જવા એ સવાલ થઈ પડયો. અમે ચારલ્સટાઉનથી માત્ર ૬ માઇલ દુર હતા. એટલે મેં અમલદારને કહ્યું કે પકડાએલા માણસો ભલે મારી સાથે કુચ કરે ને તેઓનો કબજો તે ચારલ્સટાઉનમાં લીયે, અથવા તેના ઉપરીને પુછીને જેમ તેને હુકમ મળે તે પ્રમાણે કરે. અમલદારે આ સુચના કબુલ રાખીને તે ચાલી ગયો. અમે ચારલ્સટાઉન પહોંચ્યા. ચારલ્સટાઉન બહુ નાનું ગામડું છે. તેમાં વસ્તી ભાગ્યે ૧,૦૦૦ માણસની હશે. તેમાં એકજ શરીઆમ રસ્તો છે. હીંદી વસ્તી જુજ છે. એટલે અમારો સંઘ જોઈને ગોરાઓ આશ્ચરય પામ્યા. ચારલ્સટાઉનમાં આટલા હીંદી કોઈ વેળા દાખલ થયા ન હતા. પકડાએલાને ન્યુકાસલ લઈ જવાને સારૂ રેલ ગાડી તઇયાર ન હતી. તેમને પોલીસ ક્યાં રાખે? ચારલ્સટાઉનના થાણામાં એટલા કેદીને રાખવાની જગો ન હતી. તેથી પોલીસે પકડાએલાઓને મને સોંપ્યા, ને તેઓના ખોરાકનું બીલ ચુકવી આપવા કબુલ કરયું. આ કંઈ સત્યાગ્રહને થોડું માન ન કહેવાય. સાધારણ રિતે અમારી પાસેથી પકડેલા કેદીને અમને સોંપાયજ કેમ? તેમાંના કોઈ ચાલ્યા જાય તો કંઇ જવાબદારી અમારી ન હતી. પણ સત્યાગ્રહીનું કામ તો પકડાવાનુંજ હોય એમ બધા સમજતા થયા હતા

તેથી વિશ્વાસ બેસી ગએલો. આમ ચાર દિવસ સુધી પકડા એલા જણ અમારી સાથે રહેલા. જ્યારે તેઓને લઇ જવા ને પોલીસ તઇયાર થયા ત્યારે તેઓ ખુશીથી તાબે થયા.

ટુકડીઓની ભરતી થતી ચાલી. કોઈ રોજ ચારસો તો કોઇ રોજ તેથી પણ વધારે. ઘણાઓ પગે ચાલતા તથા બઈરાંઓ મુખ્યત્વે કરીને ગાડીથી આવવા લાગ્યાં. ચારલ્સ ટાઉનના હીંદી વેપારીના મકાનોમાં જ્યાં જગ્યા હતી ત્યાં સમાસ કર્યો. ત્યાંની કોરપોરેશને પણ મકાન આપ્યાં. ગોરાઓ બીલકુલ કનડગત નહોતા કરતા એટલુંજ નહીં પણ મદદ કરતા હતા. ત્યાંના ડાકતર બ્રીસ્કોએ મફત સારવાર કરવાનું માથે લીધું ને અમે જ્યારે ચારલ્સટાઉનથી આગળ વધ્યા ત્યારે તેણે કીમતી દવાઓ અને કેટલાંક ઉપયોગી શસ્ત્રો મફત આપ્યાં. રસોઇ મસ્જીદના મકાનમાં થતી હતી. અને ચુલો ચોવીસે કલાક સળગાવવો પડતો હતો. રસોઈ કરવા વાળા હડતાલીઆમાંથીજ તઇયાર થયા હતા. છેલ્લા દહાડામાં ચાર થી પાંચ હજાર માણસોને જમાડવાનું રહેતું છતાં આ કામ દારો કાયર નહીં થયેલા. સવારમાં મકાઇના આટાની રાબ તેમાં શકર મેળવીને આપવામાં આવતી હતી તથા તેની સાથે રોટી. સાંજના ચાવલને દાળ તથા શાક આપવામાં આવતાં હતાં. બધા દક્ષીણ આફ્રીકામાં ઘણે ભાગે ત્રણ વખત ખાનારા હોય છે. ગીરમીટીઆ હમેશાં ત્રણ વખત ખાનારા હોય છે પણ તેઓએ લડતમાં બે વેળાથી સંતોષ માન્યો. તેઓ ઝીણો ઝીણો સ્વાદ કરનારા પણ હોય છે. તે સ્વાદ પણ અહીં છોડયા.

આ જથાબંધ જમા થએલા માણસોનું શું કરવું એ વિચાર કરવા જેવું થઇ પડયું. ચારલ્સટાઉનમાં અગવડે સગવડે આટલા બધા માણસોને લાંબી મુદત સુધી રાખવામાં આવે તો રોગ ફાટી નીકળવાનો સંભવ રહયો. એટલા હજાર માણસ જે હમેશાં કામ કરનારા હોય છે તે નવરા બેસી રહે એ પણ ઠીક ન ગણાય. આ સમયે એટલું કહી જવાની જરૂર છે કે આટલા ગરીબ માણસો એકઠા થએલા છતાં ચારલ્સટાઉનમાં તેઓમાંના એકે પણ ચોરી નહિ કરેલી. પોલીસની જરૂર કોઇ પણ વેળા નહિ પડેલી તેમ પોલીસને કોઇપણ વેળા વધારે કામ નહોતું કરવું પડયું. છતાં હવે ચારલ્સટાઉનમાં નજ બેસી રહેવું એજ ઉત્તમ રસ્તો જણાયો. તેથી ટ્રાંસવાલમાં દાખલ થવાનો ને છેવટે જો ન પકડાઇએ તો ટોલસ્ટોય ફારમ પહોંચવાનો ઠરાવ કરયો. કુચ કરતાં પહેલાં સરકારને ખબર આપી કે પકડાવાને ખાતર અમે ટ્રાંસવાલમાં દાખલ થવાના છીએ. અમારે ત્યાં રહેવું નથી, ત્યાંના હકની ઇચ્છા નથી, પણ જ્યાં સુધી સરકાર નહિ પકડે ત્યાં સુધી અમે અમારી કુચ જારી રાખશું અને છેવટે ટોલસ્ટોય ફારમ પર મુકામ કરશું. સરકાર જો પા. ૩ નો કર કહાડી નાંખવાનું વચન આપે તો અમે પાછા જવા તઇયાર રહેશું. આ નોટીસની ઉપર સરકાર ધ્યાન આપે એવી તેના મનની સ્થિતિ નહતી. તેના જાસુસો તેને ભમાવતા હતા. લોકો થાકશે એમ સમજાવતા હતા. સરકારે બધી ભાષાઓમાં નોટીસ છપાવીને હડતાલીઆઓને વહેંચી હતી.

છેવટે ચારલ્સટાઉનથી પણ આગળ વધવાનો વખત આવી લાગ્યો. તા. ૬ઠી નવેમ્બરે ત્રણ હજારનો સંઘ પરોઢીયે રવાના થયો. આખી હરોળ એક માઇલ કરતાં વધારે લાંબી હતી. મી. કેલનબેક તથા હું પાછળના ભાગમાં હતા. સંઘ સરહદ ઉપર પહોંચ્યો, ત્યાં પોલીસની ટુકડી હાજર હતી. અમે બે ત્યાં જઈ પહોંચ્યા એટલે પોલીસ સાથે વાતચિત થઇ. તેણે અમને પકડવાની તો ના પાડી એટલે સરઘસ નિયમમાં અને શાન્તિથી ફોકસરસ્ટ વચ્ચેથી પસાર થયું. શહેર બહાર સ્ટાંડરટન રોડ ઉપર જઇ બધાએ પડાવ નાખ્યો. સહુએ ખોરાક લીધો. સ્ત્રીઓ કુચમાં સામેલ ન થાય એવી ગોઠવણ કરવામાં આવી હતી. છતાં જુસ્સાનું પુર અટકાવવું મુશ્કેલ થઇ પડયું અને કેટલીક સ્ત્રીઓ પણ સામેલ થઇ. તો પણ કેટલીક સ્ત્રીઓ તથા છોકરાં હજુ ચારલ્સ ટાઉનમાં રહેલાં હતાં. તેમની બરદાસ કરવાને મી. કેલનબેકને ફોકસરસ્ટની હદ ઓળંગ્યા પછી પાછા મોકલ્યા.

બીજે દિવસે પામફરડ આગળ પોલીસે મને પકડયો. મારા ઉપર તહોમત બીન હકદાર માણસોને ટ્રાંસવાલમાં દાખલ કરવાનું હતું. બીજાઓને પકડવાને તેને હુકમ ન હતો. એટલે ફોકસરસ્ટ પહોંચ્યા પછી સરકારને મેં નીચે મુજબ તાર કર્યો: "સત્યાગ્રહની લડતના મુખ્ય પ્રચારકને સરકારે પકડેલ છે તેથી હું ખુશી થાઉં છું, પણ તેની સાથે કહ્યા વિના રહી શકતો નથી કે તે માટે જે તક સાધવામાં આવી તે દયાની નજરે જોતાં અત્યંત કફોડી છે. સરકાર કદાચ જાણતી હશે કે આ કુચમાં ૧૨૨ સ્ત્રીઓ અને ૫૦ બાળકો છે તથા બધાં પોતાને ઠેકાણે પહોંચે ત્યાં સુધી જીંદગી ટકી રહે એટલા ખોરાક ઉપર નભે છે, અને ટાઢ તડકાની સામે રક્ષણ રહિત છે. આવી સ્થિતિમાં મને તેથી વિખુટો કરવો એ ન્યાયનું ભારે ખંડન કર્તા કહેવાય. જ્યારે ગઇ રાતે મને પકડવામાં આવ્યો ત્યારે મારી સાથેના માણસોને જણાવ્યા વિના હું તેઓને મુકી આવ્યો છું. તેઓ કદાચ ક્રોધથી ગાંડાતુર બની જાય. એટલે હું માગું છું કે કાંતો તેઓની સાથે કુચ કરવાની રજા મને આપવામાં આવશે અથવા તો સરકાર તેઓને રેલગાડીથી ટોલ્સ્ટોય ફારમ પહોંચાડશે અને ખોરાકી પણ પુરી પાડશે. જેના ઉપર તે માણસોને વિશ્વાસ છે તે વિનાના તેઓને કરી મુકવા અને તેની સાથે તેને માટે ખોરાકી વીગેરેનો કાંઈ બંદોબસ્ત ન કરવો એ અયોગ્ય

ગણાય. હું ઉમેદ રાખું છું કે ફરી વિચાર કર્યા પછી સરકાર પોતાનો ઠરાવ ફેરવશે. જો કુચ દરમીઆન અણધાર્યો બનાવ બનશે, અને ખાસ કરી ધાવણાં બચ્ચાં વાળી બાઇઓ માંથી કોઇનાં મરણ થશે તો જવાબદારી સરકારની છે."

સરઘસ આગળ ચાલ્યું. મને વોલકરસ્ટના ન્યાયાધીશ સન્મુખ ઉભો કરવામાં આવ્યો. મારે બચાવ તો કાંઈ કરવાનો ન હતો પણ જે માણસો પામફ્રડથી આગળ ગયા તથા હજુ જે ચારલ્સટાઉનમાં પડેલા હતા તેની કેટલીએક વ્યવસ્થા સંભાળવાની હતી એટલે મેં મુદત માગી. સરકારી વકીલે તેની સામે વાંધો લીધો, પણ ન્યાયાધીશે જણાવ્યું કે બેલ ફકત ખુનના આરોપમાંજ ના મંજુર કરી શકાય. તેથી તેણે પા. ૫૦ની જામીનગીરી માગી એક અઠવાડીઆની મુદત આપી. જામીનગીરી તુરતજ વોલકરસ્ટના એક વેપારીએ આપી દીધી. હું છુટો થઈ પરબારો કુચ કરનારાઓને મળ્યો. તેઓનો ઉત્સાહ બમણો વધ્યો. દરમીઆન પ્રીટોરીઆથી તાર આવી ગયો કે મારી સાથેના હીંદીઓને પકડવાનો સરકારનો ઇરાદો નથી. આગેવાનોનેજ પકડવામાં આવશે. આનો અરથ એમ નહોતો થતો કે બીજા બધાને છુટ આપવામાં આવશે, પણ બધાને પકડી આપણા કામને સહેલું કરવા અથવા તો હીંદમાં ખળભળાટ કરવા સરકાર ઇચ્છતી ન હતી.

પાછળ બીજી એક મોટી ટુકડી લઇ મી. કેલનબેક આવતા હતા. અમારી બે હજાર ઉપરની ટુકડી સ્ટાંડરટન આગળ પહોંચી. ત્યાં ફરીને મને પકડવામાં આવ્યો. અને કેસની તા. ૨૧ મીની મુદત પડી. અમે તો આગળ ચાલ્યા. પણ હવે સરકારથી આ બધું જીરવાય તેમ ન હતું. એટલે તેણે પ્રથમ મને આ બધાથી એકદમ વિખુટો પાડવાનું પગલું લીધું. આ સમયે મી. પોલાકને હીંદુસ્તાનમાં ડેપ્યુટેશન લઈ મોકલવાની તઇયારી થઈ રહી હતી. તે માટે ઉપડતા પહેલાં તે મને મળવા આવ્યા. પણ 'આદર્યાં અધવચ રહે અને હર કરે સો હોય' એમ બન્યું. મને રવીવારે ફરી ત્રીજી વખત ગ્રેલીંગસ્ટાડ આગળ પકડ્યો. આ વખતનું વોરંટ ડંડીથી નીકળેલું હતું. અને તહોમત ગીરમીટીઆઓને કામ છોડાવ્યાનું હતું. અહીંથી મને ઘણીજ ચુપકીથી ડંડી લઇ ગયા. ઉપર જણાવી ગયો છું કે મી. પોલાક અમારી સાથે કુચમાં હતા. તેણે આ કામ સંભાળી લીધું. ડંડીમાં મંગળવારે કેસ ચાલ્યો. મારા ઉપરના ત્રણે આરોપ મને વાંચી સંભળાવવામાં આવ્યા. તે મેં કબુલ રાખ્યા અને રજા મેળવી જણાવ્યું કે "મારા પોતાના તરફ અને બધી પ્રજા તરફ ન્યાયની ખાતર મારે કહેવું જોઇએ કે જે તહોમત મારા ઉપર મુકવામાં આવ્યાં છે તેની બધી જવાબદારી એક વકીલ તથા નાતાલના જુના રહીશ તરીકે હું મારે માથે લઉં છું. હું માનું છું કે આ લોકોને કોલોનીની બહાર લઈ જવાથી લોકોના મન ઉપર જે છાપ પડી છે તેનો હેતુ ઉમદા હતો. ખાણોવાળા સામે કાંઈ તકરાર નથી. આ લડતથી તેમને ગંભીર નુકશાન થાય છે તે માટે હું દીલગીર છું. હું હીંદી મજુરો રાખવાવાળાને પણ વીનંતી કરૂં છું કે આ કર મારા દેશી ભાઈઓ પર ભારે બોજારૂપ છે અને તેથી તે રદ થવો જોઈએ. મને લાગે છે કે ઓન. મી. ગોખલે અને જનરલ સ્મટસ વચ્ચે જે સ્થિતિ ઉભી થઇ છે તે જોતાં અત્યંત ધ્યાન ખેંચાય તેવી લડત ઉઠાવવાની મારી ફરજ હતી. સ્ત્રીઓને અને ધાવણાં બચ્ચાંને જે સંકટ સહન કરવાં પડયાં છે તે હું સમજુ છું. અને તે છતાં મને લાગે છે કે લોકોને સલાહ આપવાની મારી ફરજ હતી. અને તે મેં બજાવી છે. અને જ્યાં સુધી તે કર રદ થયો નથી ત્યાં સુધી કામ નહીં કરવાની ને ભીખ માગીને પેટ ભરવાની સલાહ મારા દેશી ભાઇઓને ફરી ફરી આપવામાં હું મારી ફરજ સમજીશ. મને ખાત્રી છે કે દુ:ખ ભોગવ્યા વિના તેઓની પરના જુલમનો અંત આવવાનો નથી."

હું તો જેલમાં ઠરી ઠામ બેઠો. પાછળથી વોલક્રસ્ટમાં મારા ઉપર કામ ચાલ્યું અને ડંડીમાં થએલી નવ માસ ઉપરાંત ત્યાં બીજી ત્રણ માસની જેલ થઇ.

આ અરસામાં મને ખબર થયા કે મી. પોલાક પકડાયા છે. અને હિંદુસ્તાન જવાને બદલે જેલમાં જઇને બેઠા છે. હું તો રાજીજ થયો કેમકે મારે મન પહેલા ડેપ્યુટેશન કરતાં આ ડેપ્યુટેશન મોટું થયું. તે પછી તુરતજ મી. કેલનબેક પકડાયા અને તે પણ મી. પોલાકની પેઠે ત્રણ માસની જેલમાં જઇને બેઠા. આગેવાનોને પકડયા પછી લોકો નમી જશે એમ માનવામાં સરકારે તો ભુલજ કરી. બધા હડતાલીઆઓને ચારેક ખાસ ટ્રેનો ભરી ડંડી તથા ન્યુકાસલમાં પાછા ખાણો ઉપર લઇ જવામાં આવ્યા. ત્યાં તેઓના ઉપર ભારે જુલમ થયો. તેમને બહુ સહન કરવું પડયું. પણ સહન કરવાને તો બધા બહાર પડેલાજ હતા. સહુ આગેવાનો હતા. તેઓને કહેવાતા આગેવાનો વગર પોતાનું બળ બતાવવાનું હતું, અને તે તેમણે બતાવી આપ્યું. કેવી રીતે બતાવ્યું તે જગત જાણે છે. કવિ દયારામે ખરૂં ગાયું છે કે

મહા કષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોહોને મળ્યા,
ચારે યુગના જુઓ સાધુ શોધી;
વહાલ વૈષ્ણવ વિષે વીરલાને હોય બહુ;
પીડનારા જ ભકિત વિરોધી. 	મહા૦

ધ્રુવજી પ્રલ્હાદજી ભીષ્મ બળિ વિભિષણ,
વિદુર કુંતિ કુંવર સહિત દુખિયાં;
વસુમતિ દેવકી નંદજી યશોમતી,
સકલ વ્રજ ભકત દુખિ ભકત મુખિયાં. 	મહા૦

નળ દમયંતી હરિશ્ચંદ્ર તારાનયની,
રૂકમાંગદ અંબરિષાદિ કષ્ટિ;
નરસિંહ મેહેતા ને જયદેવ મીરાંજની
પ્રથમ પીડા પછી સુખની વૃષ્ટિ. મહા૦

વ્યાસ આધિ વ્યાધિ તુલસી માધવાદિક,
શિવ કપાલી વિદ્યા વિશ્વ નિંદે;
જગ જનની જાનકી દુઃખ દુસ્તર સહ્યું,
પાપ વણુ તાપ જેને જગત વંદે. મહા૦

સંચિત ક્રિયમાણ પ્રારબ્ધ જેને નથી,
તેને ત્રય તાપ આવી નડે છે;
અકલ ગત ઇશ હેતુ ન સમજાયું પડે,
પ્રબલ ઇચ્છા સરવ તે પડે છે. મહા૦

છે કથન માત્ર એ પાપ ને પુણ્ય બે,
નચવ્યું નંદકુંવરનું જગત નાચે;
દયા પ્રિતમ રૂચિ વિના પત્ર હાલે નહિં,
પણ ન ભાગે ભ્રમણ મન્ન કાચે મહા૦

[આ લખાણનો વિશેષ ભાગ મી. ગાંધી તરફથી લખાવાનો હતો પણ યુરોપી વિગ્રહને લીધે તેમને જરૂરી અવકાશ મળ્યો નથી.— અ. ઇ. ઓ.]

સત્યાગ્રહની લડતની તવારીખની નોંધ

૧૯૦૬

૪ ઓગસ્ટ—ટ્રાંસવાલ લેજીસ્લેટીવ કાઉંસીલમાં એશીઆટીક એમેંડમેંટ એકટ રજુ કરવાની મી. ડંકને દરખાસ્ત કરી.

૧૧ સપ્ટેમ્બર—જોહાન્સબરગમાં એમ્પાયર થીએટરમાં હીંદીઓની માસ મીટીંગ મળી. આ ખુની કાયદો પસાર થાય તો હાજર રહેલામાંના દરેકે તેને તાબે ન થતાં જેલમાં જવાના સોગન લીધા. ઈંગ્લાંડ ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ થયો.

૧૨ સપ્ટેમ્બર—ખુની કાયદો ટ્રાંસવાલની ધારા સભામાં પસાર થયો.

૧ અકટોબર—હીંદી ડેપ્યુટેશન જોહાન્સબરગથી ઉપડયું.

૮ નવેમ્બર—ડેપ્યુટેશને કોલોની ખાતાના પ્રધાન લોર્ડ એલગીનની મુલાકાત લીધી.

૨૯ નવેમ્બર—લંડનમાં સાઉથ આફ્રીકા બ્રીટીશ ઈંડીઅન કમીટી સ્થપાઇ. સર લેપેલ ગ્રીફીન તેના પહેલા પ્રમુખ અને મી. રીચ તેના સેક્રેટરી નીમાયા.

૧ ડીસેમ્બર – ડેપ્યુટેશન વીલાયતથી રવાના થયું.

૩ ડીસેમ્બર—ખુની કાયદાને બાદશાહે નામંજુર કર્યો.

૧૯૦૭

૨૨ મારચ—વડી સરકારે નામંજુર કરેલો ખુની કાયદો ટ્રાંસવાલની નવી પારલામેંટે ૨૪ કલાકમાં પસાર કરી દીધો.

૨ મે—આ કાયદાને બાદશાહી મંજુરી મળી.

૧ જુલાઇ—ખુની કાયદો અમલમાં મુકાયો અને તે મુજબ પ્રીટોરીઆમાં પહેલાં રજીસ્ટર આપવાને ત્યાં રજીસ્ટ્રેશન ઓફીસ ખોલવામાં આવી. આજથી તે ઓફીસ ટ્રાંસવાલમાં ૪ મહીના સુધી ગામે ગામ ફરી, પણ લગભગ બધી જગ્યાએથી તેનો બહીષ્કાર થયો. ૮,૦૦૦ જેટલી વસ્તીમાંથી આશરે ૪૦૦ થી ઓછા રજીસ્ટર થયા. આ મુદ્દત પછી પકડા પકડી શરૂ થઇ.

૧૮ સપ્ટેમ્બર—ઓન. મી. ગોખલેનો એસોસીએશનને આ પ્રમાણે તાર મળ્યો: "તમારી લડત હું બરાબર જોયા કરૂં છું. ચિંતાતુરરિતે તેમાં મન પરોવાઇ રહયું છે. અત્યંત દીલસોજી બતાવું છું. લડતની તારીફ કરૂં છું. ઇશ્વર ઇચ્છા ઉપર દ્રઢતાથી આધાર રાખજો."

૨૫ અકટોબર—ખુની કાયદાની સામે ટ્રાંસવાલની ૭ કે ૮ હજાર હીંદીમાંથી ૪,૫૨૨ સહીની એક ગંજાવર અરજી એસોસીએશન તરફથી સરકારને મોકલવામાં આવી:

૩ નવેમ્બર—રજીસ્ટ્રેશનની અરજીઓ લેવાનું આજથી બંધ થયું.

૧૧ નવેમ્બર—સત્યાગ્રહીઓની પકડા પકડી પ્રથમ શરૂ થઇ.

૨૭ ડીસેમ્બર—મી. ગાંધીને કોરટમાં હાજર થવાની ચેતવણી મળી.

૨૮ ડીસેમ્બર—જોહાનીસબરગમાં માજીસ્ટ્રેટ મી. જોરડને મી. ગાંધીને ૪૮ કલાકમાં ટ્રાંસવાલ છોડવાનો હુકમ કર્યો.

૧૯૦૮

૧૦ જાન્યુઆરી—જોહાન્સબરગમાં મી. જોરડને મી. ગાંધીને બે માસની આસાન કેદની સજા કરી.

૩૦ જાન્યુઆરી – સત્યાગ્રહી કેદીઓને છોડયા. ટ્રાંસવાલ સરકારે હીંદીઓની મરજીઆત રજીસ્ટર થવાની માગણી સ્વીકારી અને ખુની કાયદો રદ કરવાનું વચન આપ્યું.

૧૦ ફેબરવારી—મી. ગાંધી, મી. થંબી નાઇડુ અને બીજા કેટલાક રજીસ્ટર ઓફીસે જતા હતા. તેવામાં મી. ગાંધી

ઉપર માર પડયો.

૨૪ જુન—સરકારે ખુની કાયદો રદ કરવાની ના પાડી, તેથી સત્યાગ્રહની લડત ફરીને શરૂ થઇ. મી. સોરાબજી પ્રથમ નાતાલમાંથી ટ્રાંસવાલમાં દાખલ થયા. અને ૨૦ જુલાઇએ તેમને વોલક્રસ્ટના માજીસ્ટરેટે એક માસની જેલની સજા કરી.

૧૨ જુલાઇ—આશરે બે હજાર જેટલાં મરજીયાત રજીસ્ટરો જોહાન્સબરગની માસ મીટીંગમાં બાળ્યાં.

૨૨ જુલાઇ—રોડેશીઆમાં થયેલ સખ્ત એશીઆટીક કાયદાને બાદશાહી મજુરી નથી આપી શકાતી એવો વડી સરકારનો તાર લોર્ડ સેલબોરન ઉપર આવ્યો.

૨૨ ઓગસ્ટ—મરજીયાત રજીસ્ટરને કાયદેસર ગણવાનો તથા બીજા હીંદીઓને રજીસ્ટર કરવા બાબતનો કાયદો ટ્રાંસવાલ પારલામેંટમાં બન્ને હાઉસમાંથી પસાર થયો.

૩૦ ઓગસ્ટ—પ્રીટોરીઆ માસ મીટીંગમાં બીજાં ૨૦૦ જેટલાં મરજીયાત સરટીફીકેટો બાળ્યાં.

૭ સપ્ટેમ્બર—મી. ગાંધી વોલક્રસ્ટમાં પકડાયા અને એક અઠવાડીઆ પછી તેનો કેસ ચાલ્યો તેમાં તેને બે માસની સખત મજુરીની જેલ મળી

૯ નવેમ્બર—આજથી પાંચ દીવસમાં ૨૨૭ હીંદીઓ જેલમાં ગયા હતા. તેમાં ઘણા તો હીંદુ તથા મુસલમાન વેપારી હતા. આ સખ્યામાં ૬૪ જોહાન્સબરગ, ૯૭ જરમીસ્ટન અને ૬૦ પ્રીટોરીઆના હતા.

૧૪ નવેંબર—આ અઠવાડીઆમાં ૨૨૭ હિંદીઓ જેલમાં ગયા હતા. આ સંખ્યામાં ૬૪ જોહાનીસબરગ, ૯૭ જરમીસ્ટન, ૬૦ પ્રીટોરીઆ અને ૬ બીજી જગ્યાએથી ગયા હતા.

૧૭ નવેમ્બર—૫૩ તામીલો ફેરી ફરતાં પકડાયા, અને તેમને સાત દીવસની જેલ મળી.

૨૨ નવેમ્બર—કલકત્તામાં મી. અબ્દુલ જબ્બરના પ્રમુખપણા નીચે સત્યાગ્રહીઓ તરફ દીલસોજી બતાવવાને એક મહા સભા મળી હતી.

૧૩ ડીસેંબર—મી. ગાંધી બે માસની બીજી વખતની જેલ પુરી કરી છુટયા.

૧૯૦૯

૯ જાન્યુઆરી—મી. ગાંધીની મુલાકાત ડરબનમાં 'મરકયુરી' ના પ્રતીનિધિએ લીધી. તેમાં તેમણે જણાવ્યું હતું કે ટ્રાંસવાલમાં લગભગ બે હજાર હિંદી જેલ જઇ આવ્યા છે.

૧૫ જાન્યુઆરી—મી. ગાંધી નાતાલથી ટ્રાંસવાલ જતાં વોલકરસ્ટમાં ત્રીજી વાર પકડાયા. થોડા અઠવાડીઆ પછી કેસ ચાલ્યો તેમાં ત્રણ માસની જેલ મળી. તેજ દિવસે હમીદીઆ સોસાઇટીના ઉપ પ્રમુખ મી. ઉમરજી સાલે જેની ઉમર ૬૫ વરષની હતી તેમને, તથા મી. ડેવીડ અરનેસ્ટ, વીગેરે જાણીતા હિંદીઓને ત્રણ ત્રણ માસની સજા થઈ હતી.

૨૯ જાન્યુઆરી—ફ્રુગરસડોરપમાં ખોલવડ કોન્ફરન્સ મળી. તેણે કોઇ પણ જાતના લાઈસેન્સ કઢાવવા નહિ અને દુકાનો સંકેલી ફેરી કરી જેલ જવાનો ઠરાવ કરયો.

૬ ફેબ્રરવારી—ટ્રાંસવાલની મી. હોસ્કેનની કમીટીએ હિંદીઓને રાહત આપવાની બાબતનો લંડન 'ટાઇમ્સ'ને કાગળ લખ્યો.

૧૨ ફેબ્રરવારી—પારસી રૂસ્તમજી અને બીજા કેટલાએકને છ છ માસની જેલ થઇ.

૧૦ ફેબ્રરવારી—રોડેશીઆનો એશીઆટીક કાયદો વડી સરકારે નામંજુર કરયો.

૬ મારચ—ઓકસબરગ, નોરવુડ, બરામફોન્ટીન, બારબરટન, અને કરૂગરસડોરપમાં લોકેશનો સ્થાપવાની હિલચાલ ગોરાઓએ ઉપાડી.

૧૦ મારચ—ડેલાગોઆબે રસ્તે સત્યાગ્રહી કેદીઓને દેશપાર હિંદુસ્તાનમાં કરવાનું શરૂ થયું.

૧૨ મારચ—પ્રીટોરીઆમાં મીસીસ પીલ્લેના કેસમાં મી. ગાંધીને હાથમાં હાથ કડી નાખી કોરટમાં લઇ જવામાં આવ્યા હતા.

૫ એપ્રીલ—તા. ૧૪ સપ્ટેમ્બર થી તા. ૧૭ મી મારચ સુધીમાં થએલાં લખાણ વીગેરેની બ્લુ બુક વડી સરકારે બહાર પાડી.

એપ્રીલ ૩૦— મી. કાછલીઆ અને બીજા ૧૮ સત્યાગ્રહી જેલ પુરી કરી છુટયા.

મે ૪— સત્યાગ્રહી હિંદીઓને જેલમાં ઘી આપવા માંડયું.

મે ૨૪ — મી. ગાંધી ત્રીજી વખત ત્રણ માસની જેલમાં

જુન ૭— જરમીસ્ટનમાં ગોરાઓની લીટરરી અને ડીબેટીંગ સોસાયટીમાં મી. ગાંધીએ "સત્યાગ્રહની નિતિ" એ વિષય ઉપર જાણવા લાયક ભાષણ આપ્યું હતું.

જુન ૧૬— જોહાનીસબરગની માસ મીટીંગમાં મેસરસ એ. એમ. કાછલીઆ, હાજી હબીબ, વી. એ. ચેટીઆર, અને એમ. કે. ગાંધીને વિલાયત અને મેસરસ એમ. એ. કામા, એન. જી. નાયડુ, ઇ. એસ. કુવાડીઆ, તથા એચ. એસ. પોલાકને હિંદુસ્થાન મોકલવાનો ઠરાવ થયો. આ ડેપ્યુટેશન રવાના થતાં અગાઉ મેસરસ કાછલીઆ, કુવાડીઆ કામા, તથા ચેટીઆરને પકડવામાં આવ્યા.

જુલાઇ ૪— જોહાનીસબરગની જેલમાંથી છુટયા પછી જેલમાં

ભોગવેલી હાડમારીઓને લઇને નાગાપન મરણ પામ્યો.

જુલાઈ ૧૬— સ્ટી. મુઝફ્રીમાં ૧૪ હિંદીઓને હિંદુસ્તાન દેશપાર કીધા હતા.

સપ્ટેમ્બર ૧— મુંબઇના શેરીફે દ. આફ્રીકાની લડત ઉપર ચરચા કરવાને જાહેર સભા બોલાવી હતી તે ને મુંબઇ સરકારે બંધ રખાવી. આ સભા ૧૩ દિવસ પછી પાછળથી મળી હતી.

સપ્ટેમ્બર ૧૬— વિલાયતમાં ટ્રાંસવાલના ડેપ્યુટેશને લોરડ ક્રૂની મુલાકાત લીધી.

નવેંબર ૧૩— વિલાયત ગએલું હિંદી ડેપ્યુટેશન સ્ટી. કીલ ડોનન કેસલમાં રવાના થયું.

ડીસેમ્બર ૧— હિંદુસ્તાનમાં મી. રતન તાતાએ રૂા. ૨૫ હજારની રકમ ભરી હતી તે જાહેર થયું.

૧૯૧૦

ફેબરવારી ૨૫— હિંદી વડી ધારા સભામાં મી. ગોખલેનો ગીરમીટ બંધ કરવાનો ઠરાવ પસાર થયો.

જુન ૧ — દ. આફ્રીકાનું યુનીઅન થયુ. તેજ દિવસે મી. સોરાબજી શાપુરજી અડાજનીઆ ૭ મી વખત પકડાયા.

જુન ૪— મી. કેલનબેકે સત્યાગ્રહીઓને રહેવા માટે લોલીમાં પોતાનું ફારમ આપ્યું.

જુન ૧૩— ૨૬ સત્યાગ્રહીઓ હિંદુસ્તાનથી સ્ટી. પ્રેસીડંટ મારફતે પાછા આવ્યા

૩૦ જુલાઇ—હીંદી બાળકો કે જે આજ સુધી ઉમરે પહોંચે ત્યારે રજીસ્ટર થઇ શકતા તેમને ૧૯૦૮નો કાયદો થયા પછી ઉમરે પહોંચતાં પણ રજીસ્ટર કરવાની ના પાડ વામાં આવી.

૨૨ ઓગસ્ટ—છોટાભાઇના દીકરાનો પ્રખ્યાત ટેસ્ટ કેસ જોહાન્સબરગની કોરટમાં શરૂ થયો તેમાં છેવટે છોટાભાઇને જીત મળી.

૨૬ જુલાઇ—પોરટુગીઝ સરકારની મદદ લઇ હીંદીઓને દેશ પાર કરવામાં આવેલા તેની સામે લોરડ એમ્પથીલે ઉમરાવની સભામાં ભારે ચર્ચા કરી.

૨૮ સપ્ટેમ્બર—હીંદી દેશપાર થયેલા ૮૫ સત્યાગ્રહીઓ સાથે મી. પોલાક ડરબન આવ્યા.

૧૬ અકટોબર —મરહુમ નારાયણસ્વામી સ્ટી. ગરટરૂડ વુરમન માં દેશથી પાછા આવતાં ડેલગોઆબેમાં મરણ પામ્યા.

૧૯૧૧

૨૫ ફેબ્રુઆરી—યુનીઅન ગેઝેટમાં ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન બીલ બહાર પડયું.

૨૫ એપરીલ— તે બીલ ચાલુ પારલામેંટમાં પડતુ મેલાયું.

૨૦ મે—શરતી સમાધાની થઈ, અને સત્યાગ્રહની લડત ફરી ને મુલતવી રહી

[ત્યાર પછી લગભગ બે વર્ષ સુધી કાંઇક શાંતી રહી અને ફરી ૧૯૧૩ માં ચોંકાવનારા બનાવો બન્યા. તેની વીગત નીચે મુજબ છે.]

૧૯૧૩

૨૨ મારચ—હીંદી ધરમ ઉપર હુમલો. જસ્ટીસ સરલે ચુકાદો આપ્યો, જેમાં મુસલમાની શરે મુજબ પરણેલ બાઇ મરીઅમનાં તેના ધણી સાથેનાં લગ્ન ગેર કાયદે સર ઠરાવ્યાં.

૩ એપ્રીલ—નવું ઇમીગ્રેશન બીલ યુનીઅન ગેઝેટમાં બહાર પડયું.

૩ મે—સત્યાગ્રહ શરૂ કરવાને જોહાન્સબરગની માસ મીટીંગ માં ઠરાવ થયો. એજ અઠવાડીઆમાં સ્ત્રીઓ તરફથી પણ તેવો ઠરાવ મુલકી પ્રધાનને મોકલાવ્યો હતો.

૨૪ મે—તા. ૩૦ એપ્રીલથી મી. ગાંધી અને મી. ફીશર (મુલકી પ્રધાન) વચ્ચે થએલો પત્ર વ્યવહાર બહાર પડયો.

૭ જુન—ઉપલા પત્ર વ્યવહારનો વધુ ભાગ પ્રગટ થયો.

૨૧ જુન—ઇમીગ્રેશન કાયદાને બાદશાહી મંજુરી મળી ચુકી.

૧૫ જુલાઇ—નવા કાયદાના ધારા યુનીયન ગેઝેટમાં પ્રગટ થયા.

૧ ઓગસ્ટ—નવા કાયદાની રૂયે ત્રણે કોલોનીમાં અપીલ બોરડ સ્થપાઇ. આ બોરડમાં ઇમીગ્રેશન અમલદારો પણ એક એક મેંબરો હતા.

૧૩ સપ્ટેમ્બર—સત્યાગ્રહની શરૂઆત, સરકાર અને મી. ગાંધી વચ્ચેનો બધા અગત્યના મુદ્દા વાળો પત્ર વ્યવહાર છપાયો.

૨૨ સપ્ટેમ્બરથી ૧૫ અકટોબર — નાતાલ તેમજ ટ્રાંસવાલ માંથી સંખ્યાબંધ સત્યાગ્રહી પુરૂષ તેમજ સ્ત્રીઓ ફેરી ફરી અથવા સરહદ ઓળંગી પકડાયા અને જેલ ગયા.

૧૬ અકટોબર —ન્યુકાસલમાંથી પા. ૩ ના કર સામે હડ તાલ શરૂ થઈ અને બધે ફેલાઈ.

૬ નવેંબર — મી. ગાંધી હડતાલીઆ સાથે ટ્રાંસવાલમાં દાખલ થયા.

૧૧ નવેંબર — મી. ગાંધીને દંડીમાં ૯ માસની સજા થઇ.

૨૮ નવેંબર — હીંદના વાઈસરોયનું ભાષણ.

૧૧ ડીસેંબર — કમીશન નીમાયું.

૧૯ ડીસેંબર —મેસરસ ગાંધી, કેલનબેક તથા પોલાકને છોડયા.

૧૯૧૪

૧૬ ફેબરવારી — સમાધાની મુજબ યુનીઅનની જેલોમાંથી બધા સત્યાગ્રહી કેદીઓને છોડી મુકયા.

૧૮ મારચ — કમીશનનો રીપોરટ બહાર પડયો.

૩ જુન — રીલીફ બીલ બહાર પડયું.

૩૦ જુન — છેવટની સમાધાની થઇ.



Photo by]

Mr. Gandhi addressing farewell mass meeting at I



The late Count L. N. Tolstoy, the great Russian Passive Resister who was one of the foremost sources of inspiration of the struggle and who addressed a letter thereon to Mr. Gandhi.

Photo by] [L. Gabriel.

Mr. Albert Christopher, who assisted in the organisation of the Relief Camp at Newcastle, and figured prominently in the Durban Strike.



Photo by] [B. Gabriel

Mr. Thambi Naidoo addressing a mass meeting of over 6,000 people on the Durban Indian Football Ground during the Strike, 1913

Mr. K. Packri Moodalzar, of Kimberley, who suffered imprisonment as a Passive Resister.



Photo by] [Frank H. Goodwin.

SOME OF THE KIMBERLEY PASSIVE RESISTERS.



Photo by] [B. Gabriel.

Widow and Sons of Selvan, a free labourer, shot dead during the strike. The eldest son, Antonimuthu, received three bullet wounds.

Photo by] [B. Gabriel

Widow and Orphan of Pachiappan, an Indian Striker on the Coast, shot dead during the strike.



The late S. Nagappen,
who died after release from the Johannesburg Prison Road-Camp as a Passive Resister.

who was d
Resister and
after being h
South Afric

The late Harbatsingh,
a Hindustani stalwart who died in Durban gaol.

The late Soorzai, with his wife and child.
Soorzai was one of the Strike victims.

...nd.—Amongst those present were the leaders of the Wellington ... Gool, Dr. & Mrs. Abdurahman, Mr. C. K. Thambi Naidoo, ...iss S. Schlesin and Mr. Vartak.

...ndhi, H. ...on the extre...

New York] [Photo Co.

Some notable Colonial-born Passive Resisters of Johannesburg.

Printed by P. Davis & Sons, Ltd., Durban, in conjunction with The International Printing Press, Phœnix.

“ ஶ

தென் ஆ
எதிர்ப்பி

சாத்வீக எதிர்ப்பின் கொள்

ஸ்ரீமான் மோ. கா. காந்தி

இப்புத்தகம் வெளிவருமுன், யான் தாய்நாட்டிற்கே போய்ச் சேராவிடினும், பீனிக்ஸைவிட்டு வெகுதூரம் போய்விடுவேன். ஆயினும், என் உள்ளத்தே பதிந்துகிடக்கும் ஆழ்ந்த கருத்தை வெளியிடவே, இவ்விசேஷப் பிரசுரம் அவசியமாயிற்று. சென்ற பதினொரு வருஷமாய் “இந்தியன் ஒப்பீனியன்,” ஜாலமின்றி விநயமாய், இத்தென்னாப்பிரிக்காவிற்கும், என் தேசத்தார்க்கும், ஊழியம்செய்ய முயற்சித்தது. அக்காலம், மஹா நெருக்கிடையான காலம். அக்காலம் அந்நெருக்கிடை நேர்ந்திராவிடினும், ஒரு காலத்தில் நேர்ந்தே தீரவேண்டியதாகும். சாத்வீக எதிர்ப்பு ஏற்பட்டிருக்காதேல், “இந்தியன் ஒப்பீனியனும்” இவ்வழகான சிறந்த பிரசுரத்தையும் பிரசுரித்திருக்காது. அது உலகமெல்லாம் கவனிக்கச்செய்த சாத்வீக எதிர்ப்பின் ஆரம்பத்தையும், வளர்ச்சியையும், குறிக்கும். எட்டு வருஷ காலத்தில் நடந்த இந்திய சமூகத்தின் முயற்சியனைத்தும் குறிக்க, அப்பதங்கள் (Passive Resistance) போதா. அதற்கிணையான இந்திய பாஷாபதத்தை இங்கிலீஷாக்கினல் சத்ஸக்தி உண்மைச்சக்தி (Truth Force) என்பதாம்.

டால்ஸ்டாய் (ருஷிய ஞானி) அதை ஆன்மசக்தி அல்லது நட்புவன்மை என்கிருர்போலும். ஆம், அதுவே. இச்சக்தியை முற்றும் கையாடினல், பொருட்சக்தியோ, இதர உலகசக்தியோ, எதுவும் இணையாகா. நிச்சயமாய், அதன்மூலமே மிருகசக்திக்கும், முரட்டுத்தனத்தாக்கும் மேலானதாம். உண்மையில், முரட்டுத்தனம் இம்மஹா

த்

செய்ய

மனிதனு

வீட்டு விஷ

யும், உறுதி

யாளலாம். மனிதனும், ஸ்

மாதிரியாகவே கையாளலாம்.

ட்டுத்தனமே செய்து அடக்கரு

மட்டும் கையாளப்படுமென்

மூடநம்பிக்கை, இங்கிலீஷ் பதங்

விலிருந்தே உண்டாகிறது. தாங்கள் … று எண்ணுவோர்க்கு, இச்சக்தியை கையாளவே முடியாது மனிதனுக்குள்ளே சுபாவத்துக்கு மேற்பட்டது ஒன்று உண்டென்று உணர்ந்துள்ளவர்கள் மட்டும், சாத்வீக எதிர்ப்பைப் பயன்படுமாறு கையாளக்கூடும். மற்றவர்களாலே முடியாது. அதற்கே இரையாகின்றனர். வெளிச்சம் இருட்டுக்கு எப்படியோ, அப்படியே இச்சக்தி முரட்டுத்தனத்துக்கும். ஆதலால், எல்லாக் கொடுங்கோன்மைகளையும் அநீதிகளையும் இச்சக்தி துரத்துரத்தும்.

மனமாரவோ, மனமில்லாமலோ ஆனப்பட, ஜனங்கள் இராஜதந்திரத்திற்கு இசைந்திருக்கும் வரையில், இச்சக்தியைக் கையாளுவதால், பூரணஜெயமுண்டாம். 1907 ஆம் ஆண்டு இந்திய திரான்ஸ்வால் சட்டத்துக்குக் கீழ்படிய நாம் விரும்பவில்லை. அது, இச்சக்திக்குமுன் ஓடவேண்டியதாயிற்று.

நமக்கு இரண்டுவழிகளுண்டு (1) அச்சட்டத்துக்குக்

Collection no: A979

Collection name: Silas T MOLEMA and Solomon T PLAATJE Papers, 1874-1932

PUBLISHER:
Publisher:- **Historical Papers, University of the Witwatersrand**
Location:- **Johannesburg**
©2011

LEGAL NOTICES:

Copyright Notice: All materials on the Historical Papers website are protected by South African copyright law and may not be reproduced, distributed, transmitted, displayed, or otherwise published in any format, without the prior written permission of the copyright owner.

Disclaimer and Terms of Use: Provided that you maintain all copyright and other notices contained therein, you may download material (one machine readable copy and one print copy per page) for your personal and/or educational non-commercial use only.

People using these records relating to the archives of Historical Papers, The Library, University of the Witwatersrand, Johannesburg, are reminded that such records sometimes contain material which is uncorroborated, inaccurate, distorted or untrue. While these digital records are true facsimiles of paper documents and the information contained herein is obtained from sources believed to be accurate and reliable, Historical Papers, University of the Witwatersrand has not independently verified their content. Consequently, the University is not responsible for any errors or omissions and excludes any and all liability for any errors in or omissions from the information on the website or any related information on third party websites accessible from this website.

DOCUMENT DETAILS:

Document ID:- **A979-Aa6**
Document Title:- **Printed material - Golden Number of "Indian Opinion" 1906-1914 1 item**
Author:- **Indian Opinion, Phoenix, Natal**
Document Date:- **1914**